**આજનો સુવિચાર**

જીવનમાં થતી બધી ભૂલોમાંથી અડધી ભૂલો માત્ર એક વસ્તુ ને કારણે થાય છે અને એ છે લાગણી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૯૫ જૂનાગઢ તા. ૩૦-૦૭-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 195, Junagadh : Date : 30 July, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# કેરળના વાયનાડમાં ભૂસ્ખલન : ૪૩ના મોત-૪૦૦ લાપતા





## યુધ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી ચાલુ : સૈન્યની મદદ લેવાઈ : ચાર ગામોમાં ભૂસ્ખલનથી હાહાકાર

વાયનાડ, તા.૩૦

કેરળના વાયનાડમાં ભારે વરસાદને કારણે સોમવારે મોડી રાત્રે ૪ અલગ-અલગ જગ્યાએ ભૂસ્ખલન થયું હતું. જેમાં ૪ ગામો ધોવાય ગયા હતા. મકાનો, પુલ, રસ્તા અને વાહનો પણ ધોવાઈ ગયા હતા. અત્યાર સુધીમાં ૪૩ લોકોનાં મોત થયા છે. ૭૦ ઈજાગ્રસ્તો હોસ્પિટલમાં દાખલ છે, જ્યારે ૪૦૦થી વધુ લોકો લાપતા છે. આ ઘટના ગત મોડી રાત્રે ૨ વાગ્યે બની હતી.

SDRF અને NDRFની ટીમ બચાવ કાર્ય માટે સ્થળ પર હાજર છે. કન્નુરથી સૈન્યના ૨૨૫ જવાનોને વાયનાડ મોકલવામાં આવ્યા છે. જેમાં મેડિકલ ટીમ પણ સામેલ છે. આ સિવાય એરફોર્સના બે હેલિકોપ્ટર પણ બચાવ કાર્યમાં લાગેલા છે. વાયનાડના ૪ ગામોમાં મુંડક્કાઈ, ચુરામાલા, અટ્ટમાલા અને નૂલપુઝામાં ભુસ્ખલન થયું છે. પાંચ વર્ષ પહેલા ૨૦૧૯માં પણ આ જ ગામોમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં ૧૭ લોકોનાં મોત થયા હતા. પાંચ લોકો આજદિન સુધી મળ્યા નથી. ૫૨ મકાનો ધરાશાયી થયા હતા.

વાયનાડ ઉપરાંત હવામાન વિભાગે આજે કોઝિકોડ, મલપ્પુરમ અને કાસરગોડમાં પણ વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. એટલે કે આજે પણ અહીં ભારે વરસાદની સંભાવના છે. વાયનાડ દુર્ઘટનાના બચાવ કાર્યમાં મુશ્કેલી આવી શકે છે.

માહિતી મુજબ, આજે સવારે ૨ વાગ્યાની આસપાસ ભૂસ્ખલન થયું હતું. ત્યારબાદ સવારે લગભગ ૪.૧૦ વાગ્યે વધુ એક ભૂસ્ખલન થયું. ભૂસ્ખલનને કારણે ૧૦૦થી વધુ લોકો કાટમાળ નીચે ફસાયા છે, અને તેમને બહાર કાઢવા માટે બચાવ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ભૂસ્ખલનથી ઘાયલ ૧૬ લોકોને વાયનાડના મેપ્પડીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન પણ આ ઘટના પર નજર રાખી રહ્યા છે. તેમણે કહ્યું છે કે વાયનાડમાં ભૂસ્ખલન બાદ તમામ સંભવિત બચાવ કામગીરીનું સંકલન કરવામાં આવશે ઘટનાની જાણ થતાં જ સરકારી તંત્રએ યુધ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી દીધી છે. રાજ્યની તમામ સરકારી એજન્સીઓ બચાવ કામગીરીમાં લાગેલી છે.

### ઝારખંડમાં જમશેદપુર નજીક આજે વહેલી સવારે સર્જાયેલ દુર્ઘટનામાં

# મુંબઈ-હાવડા ટ્રેન માલગાડી સાથે અથડાતા ત્રણ મુસાફરોના મોત : ૨૦ ઘાયલ



જમશેદપુર તા.૩૦

ઝારખંડના જમશેદપુરમાં આજે વહેલી સવારે ૩.૪૩ વાગ્યે મુંબઈ-હાવડા મેલ (ટ્રેન નં. ૧૨૮૧૦)ના ડબ્બા પાટા પરથી ઊતરી ગયા હતા. પાટા પરથી ઊતરી ગયેલા ડબ્બા બાજુના ટ્રેક પર ઉભેલી માલગાડી સાથે અથડાયા હતા. ટ્રેનના ૧૮ ડબ્બા પાટા પરથી ઊતરી ગયા હતા. આ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓના મોત થયા છે, જ્યારે ૨૦થી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે.

પ્રાપ્ત માહિતી મુજબ માલગાડીનો એક ડબ્બો પહેલેથી જ પાટા પરથી ઉતરી ગયો હતો. બીજા ટ્રેક પર આવી રહેલી મુંબઈ-હાવડા મેલ ટ્રેનના ડબ્બા પણ પાટા પરથી ઊતરી જતા માલગાડી સાથે અથડાયા હતા. મુંબઈ-હાવડા ટ્રેનના ૧૮ ડબ્બા પાટા પરથી ઊતરી ગયા હતા.

આ અકસ્માત રાજખારસવાન અને બડામ્બો રેલ્વે સ્ટેશન વચ્ચે થયો હતો. ઘાયલોને ચક્રધરપુરની રેલવે હોસ્પિટલમાં લાવવામાં આવી રહ્યા છે. રેલવે અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે.

પોલીસે જણાવ્યું કે આ અકસ્માત જમશેદપુરથી લગભગ ૮૦ કિમી દૂર બારાબાન્સ પાસે આજે વહેલી સવારે ૩.૪૫ કલાકે થયો હતો. મુંબઈ-હાવડા મેઈલના ૨૨માંથી ૧૮ ડબ્બા બારબાન્સ નજીક પાટા પરથી ઉતરી ગયા હતા.

## લોકસભાની ચૂંટણીમાં ૩૬૨ બેઠકો પર પડેલા મતોથી ૫,૫૪,૫૯૮ મત ઓછા ગણાયા : યુપીની તમામ ૮૦ બેઠકો શંકાના દાયરામાં : એડીઆર રીપોર્ટ




નવી દિલ્હી, તા.૩૦:

લોકસભા ચૂંટણીમાં ૫૩૮ સંસદીય બેઠકો પર પડેલા મતોની સંખ્યા અને મતોની સંખ્યામાં ભારે વિસંગતતાઓ જોવા મળી છે. ભારતીય રાજકારણ અને ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખતી સંસ્થા 'એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)'ના સ્થાપક પ્રોફેસર જગદીપ છોકરે સોમવારે પ્રેસ ક્લબમાં રિપોર્ટ જાહેર કરતી વખતે આ દાવો કર્યો હતો.

એડીઆરના દાવા મુજબ, લોકસભાની ૩૬૨ બેઠકો પર પડેલા કુલ મતો કરતાં ૫ લાખ ૫૪ હજાર ૫૯૮ મત ઓછા ગણાયા છે, જ્યારે કુલ ૧૭૬ બેઠકો પર પડેલા કુલ મતો કરતાં કુલ ૩૫ હજાર ૯૩ મત વધુ ગણવામાં આવ્યા છે.

ADRના રિપોર્ટ અનુસાર, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની સરખામણીમાં, કુલ પડેલા મતોની સંખ્યા અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ગણાયેલા મતોની સંખ્યામાં વધુ વિસંગતતાઓ જોવા મળી છે. જ્યારે વર્ષ ૨૦૧૯માં માત્ર ૩૪૭ બેઠકોમાં વિસંગતતા જોવા મળી હતી, ત્યારે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં આ આંકડો વધીને ૫૩૮ બેઠકો પર પહોંચી ગયો હતો. પ્રો. જગદીપ છોકરે કહ્યું છે કે મતદાનના અંતિમ આંકડા જાહેર કરવામાં અસાધારણ વિલંબ, મતવિસ્તારો અને મતદાન મથકોના અલગપ્રઅલગ ડેટાનો અભાવ અને ચૂંટણીના પરિણામો અંતિમ ગણતરીના આંકડાઓના આધારે જાહેર કરવામાં આવ્યા હતા કે નહીં, તે તમામ પરિબળો અસર કરે છે. ચૂંટણી પરિણામોની પ્રામાણિકતાએ સામાન્ય લોકોમાં ચિંતા અને શંકા પેદા કરી છે.

## ગુજરાતમાં ચાંદીપુરા વાયરસથી વધુ ત્રણ બાળકોના મોત : મૃત્યુઆંક ૫૬

અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના વધુ બે કેસ સાથે કુલ ૧૩૩ કેસ નોંધાયા છે. જ્યારે વધુ ૩ બાળકોનાં મોત થયા છે. તે સાથે જ ગુજરાતમાં કુલ ૫૬ બાળકોનાં મોત થયા છે. સરકારી દાવા પ્રમાણે ગુજરાતમાં વાયરલ એન્ફેકેફેલાઈટિસના ૪૭ પોઝિટિવ કેસ આવ્યા છે એટલે કે લેબોરેટરી રિપોર્ટ બાદ કેસ કન્ફર્મ થયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં એકેય નવો પોઝિટિવ કેસ નોંધાયો નથી. રાજ્યમાં અત્યાર સુધી પંચમહાલમાં ૭, અમદાવાદ શહેરમાં ત્રણ પોઝિટિવ કેસ ધ્યાને આવ્યા છે. સાબરકાંઠામાં ૬, અરવલ્લીમાં ૩, મહેસાણામાં ૪, સુરેન્દ્રનગરમાં ૩, કચ્છમાં અને દાહોદમાં બે-બે કેસ નોંધાયા હતા.

## ભારત કેન્સરની વૈશ્વિક રાજધાની બની રહ્યું છે પ્રત્યેક ૯ માંથી ૧ ભારતીયને કેન્સરનું જોખમ

નવી દિલ્હી,તા.૩૦:

દેશમાં કેન્સરના કેસ અત્યંત વધી રહ્યા છે ત્યારે નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, દર ૯ વ્યક્તિમાંથી એક ભારતીયને કેન્સર થવાનું જોખમ છે, પણ મોટા ભાગના કેન્સર વહેલા નિદાન દ્વારા અટકાવી શકાય તેમ છે.

એપોલો હોસ્પિટલ્સના તાજેતરના અહેવાલમાં ભારતને 'કેન્સર વૈશ્વિક રાજધાની' ગણાવાઈ છે. તેમાં જણાવ્યા અનુસાર ૨૦૨૦માં કેન્સરના વાર્ષિક કેસ લગભગ ૧૪ લાખ હતા, જે વધીને ૨૦૨૫માં ૧૫.૭ લાખ થવાનો અંદાજ છે. આરજીસીઆઈઆરસીના નિષ્ણાત ડો. ઈંદુ અગરવાલે જણાવ્યું હતું કે, 'ચેતવણીજનક ટ્રેન્ડ કેન્સરના કારણોને શોધવાની તાત્કાલિક જરૂરિયાત અને સરકારના વ્યાપક પગલાં પર ભાર મૂકે છે.

## ગુજરાતીઓમાં વિદેશ જવાનો ક્રેઝ પ્રતિદીન ૨૮૦૦ પાસપોર્ટ ઈશ્યુ થાય છે

અમદાવાદ,તા.૩૦

કોરોનાકાળ બાદ વિદેશ પ્રવાસનો ક્રેઝ વધ્યો છે. હજારો લોકો વિદેશ પ્રવાસ કરી રહ્યા છે. ૨૦૨૩ માં ગુજરાતની પાસપોર્ટ ઓફીસ દ્વારા સરેરાશ દરરોજ ૨૮૦૦ પાસપોર્ટ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. અમદાવાદ તથા સુરત સ્થિત પ્રાદેશીક કચેરીએ જ આ સિદ્ધિ હાંસલ કરી હતી.

પાસપોર્ટ કચેરીનાં સુત્રોએ કહ્યુ કે પ્રિ-કોવીડ સમયગાળા કરતાં ૨૦૨૩ માં ઈસ્યુ થયેલા પાસપોર્ટની સંખ્યામાં ૨૨ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. ૨૦૧૯ માં ૮.૩૮ લાખ પાસપોર્ટ ઈસ્યુ થયા હતા તે સંખ્યા ૨૦૨૩ માં ૧૦.૧૨ લાખ થઈ હતી. આમાંથી ૬૦ ટકા રીન્યુઅલનાં હોવાનો અંદાજ છે.

## બેન્કોએ સર્વિસ ચાર્જ-પેનલ્ટી પેટે ગ્રાહકો પાસેથી રૂા. ૩૫૦૦૦ કરોડ ઉઘરાવી લીધા



નવી દિલ્હી,તા.૩૦

સર્વિસથી માંડીને ખાદ્ય ચીજો સુધી મોંઘવારીનો માર સહન કરી રહેલા સામાન્ય લોકોને કોઈ રાહત મળતી નથી ત્યારે તેવો રિપોર્ટ જાહેર થયો છે કે બેંકોએ મીનીમમ બેલેન્સના નામે ગ્રાહકો પાસેથી ૩૫ હજાર કરોડનો ચાર્જ ઉઘરાવી લીધો છે.

દેશની જાહેર ક્ષેત્રની બેંકો તથા પાંચ ખાનગી બેંકોએ મીનીમમ બેલેન્સ નહી જાળવવા, એટીએમમાં નિયત કરતા વધુ વ્યવહાર કરવા અને એસએમએસ સેવાના નામે ૨૦૧૮થી અત્યાર સુધીમાં ગ્રાહકો પાસેથી ૩૫૦૦૦ કરોડ રૂપિયા ઉઘરાવ્યા હતા.


ડોકટરનાં લેબોરેટરીમાં
પહેરી શકાય તેવા કોટ રૂા.૧૦૦/- માં...
દરેક સ્કુલ યુનિફોર્મના
સફેદ શર્ટ ફકત રૂા.૨૦/- માં
શર્ટ માત્ર રૂા.૧૦૦/-
સ્કુલ યુનિફોર્મના કુર્તા અને પેટીકોટ
રૂા.૨૦/- માં પાણીના ભાવે મળશે.
તેમજ અન્ય કાપડમાં ૫૦% વળતર મળશે
બોમ્બે બજાર
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

પ્લોટ વેચવાના છે
RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬
મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઘનશ્યામભાઈ સાવલીયા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬
જન કલ્યાણ ફાર્મ નર્સરી




પ્લાન્ટેશન તથા બગીચા બનાવવા તથા ગેરેન્ટેડ
કલમ, રોપા, ફળ-ફુલનાં રોપા ઈન દોર, આઉટ ડોર, આયુર્વેદિક રોપા, ચંદન, ડ્રાયફ્રુટ રોપા તથા શાકભાજીના રોપા મળશે
જૂનાગઢથી માત્ર ૫ કી.મી.નાં અંતરે
જૂનાગઢ - મેંદરડા રોડ, મુ. ઈવનગર, તા.જી. જૂનાગઢ

ડૉ.સુબા



• સ્નાયુ • ઓર્થોપેડીક દુઃખાવા
• સાઈટીકા • સાંધા ના વા
• ચીકન ગુનીયા • કમર
• ગરદન/નસ/રગ
• ગોઠણ/ખભા/મણકા
• ગાદી/હાથ/પગ/ ચહેરાના લકવા માટે
સવારે ૧૦ થી સાંજે ૮
આદિત્ય કિલનીક
MRI/ઓપરેશન
કરાવતા પહેલા ૨૦૧૦ થી અસંખ્ય દર્દીઓને મળેલ પરીણામના અભિપ્રાય કિલનીક પર રૂબરૂ વાંચીને ખાતરી કરો
જયશ્રી ફાટક પાસે, પોલીસ હેડક્વાટર સામે, જયશ્રી રોડ, જુનાગઢ ફોન : 0285-2621555, મો. 9429455525

બાળકને આ બે મળવા જોઈએ
માતૃપ્રેમ અને સોમવા-૩૪
સોમવા-૩૪ એ ચોંત્રીસ કડવાટોનું એવું સંયોજન છે, જે બાળકોની નાની-નાની તકલીફો જેવી કે રાત-દિવસ રડયા કરવું, દૂધનું પાચન ન થવું, આફરો, પેટમાં ચૂંક આવવી, કૃમિનો ઉપદ્રવ, વારંવાર ઝાડા થવા, રાત્રે બરાબર ઉંઘ ન આવવી વિગેરે દૂર કરી બાળકને તંદુરસ્ત અને હૃષ્ટપુષ્ટ બનાવે છે. બાળકના નિરોગી ઉછેર માટે સોમવા-૩૪ પૂરતું છે.








હવે, સોમવા-૩૪ સિરપ માં પણ ઉપલબ્ધ
ભાવનગરવાળા શેઠ બ્રધર્સનું ઉત્પાદન.
દરેક મેડીકલ સ્ટોર્સ તથા આયુર્વેદિક સ્ટોર્સમાં ઉપલબ્ધ

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# બે વર્ષ પૂર્વેની સગીર બાળા પર દુષ્કર્મ આચરી મોતની ઘટનામાં કોડીનાર સેસન્સ કોર્ટે ફાંસીની સજા સંભળાવી





(અલ્તાફ મુગલ દ્વારા) કોડીનાર તા.૩૦

કોડીનાર તાલુકાના જંત્રાખડી ગામે આજથી બે વર્ષ પહેલા ૧૨.૦૬.૨૦૨૨ નાં રોજ આઠ વર્ષની સગીર બાળા ઉપર તેજ ગામના શમાજી ભીખા સોલંકી દુષ્કર્મ આચરી બાળા ની હત્યા કર્યા ના ઘટનાનો કેસ આજે કોડીનાર એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા કોર્ટના ન્યાયાધીશ એસ.આઈ.ભોરાણીયા એ બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ સમાજમાં આવા બનાવો બનતા અટકે તે માટેની નોંધ લઈને આરોપીને ફાંસીની સજા ફરમાવતો ચુકાદો આપ્યો છે.

ગીર સોમનાથના ઈતિહાસમાં પ્રથમ વખત જ કોઈ આરોપીને ફાંસીની સજા નો ચુકાદો આપ્યો છે તેમ જ ભોગ બનનાર સગીરાના પરિવારને સરકારની યોજના હેઠળ સરકાર દ્વારા રૂપિયા ૧૭ લાખ ચૂકવવાનો પણ આદેશ કરાયો છે

બનાવની વિગત એવી છે કે ગત તારીખ ૧૨-૬-૨૨ ના રોજ જંત્રાખડી ગામની આઠ વર્ષની સગીરાને તે જ ગામના શામજી ભીમા સોલંકી નામના શખ્સે બીડી બાકસ લેવા મોકલીને પછી તેના ઉપર દુષ્કૃત્ય કરી તેની હત્યા કરી નાખી હતી બાદ તેની લાશ ગામની સીમમા આવેલ ૬૬.કેવી સબ સ્ટેશન પાસેના તળાવમાં નાખી દીધી હતી જ્યાંથી સગીરાનો મૃતદેહ મળી આવતા ગામના યુવાને તેના પર કરેલા કૃત્યથી ચારે તરફ ફિટકાર વર્ષ્યો હતો. પોલીસે મૃતકના પરિવારજનો ફરિયાદ આધારે

કલમ- ૩૦૨,૩૭૬(૨)(જે), ૩૭૬(૨)(એમ), ૩૭૬(એ.બી.), ૩૭૬ (એ). તથા પોકસો એકટ કલમ-૪.૬. ૧૦ મુજબની ગુનો નોંધીને આરોપીને તરત જ ઝડપી લીધો હતો જોકે આ ગુના ની ગંભીરતા સમજી

તાત્કાલીક પોલીસ મહાનિરીક્ષક જુનાગઢ રેન્જ નાઓના

## કોડીનાર તેમજ ગીર સોમનાથ જિલ્લામાં પ્રથમ ફાંસીની સજા

માર્ગદર્શન હેઠળ તપાસના કામે સીટની રચના કરી જેના અધ્યક્ષ સ્થાને પોલીસ અધિક્ષક ગીર સોમનાથ મનોહરસિંહ જાડેજા તથા સુપરવિઝન અધિકારી તરીકે મદદનીશ પોલીસ અધિક્ષક વેરાવળ વિભાગ ના ઓમપ્રકાશ જાંટ તથા પોલીસ ઈન્સપેકટર એ .એમ મકવાણા અને સંદીપસિંહ ચુડાસમા સહિત અધિકારીઓની ટીમ બનાવી તાત્કાલીક આરોપીને પકડી પાડી. ભોગબનનાર / મરણજનારનુ જામનગર ખાતે ફોરેન્સીક પી.એમ.પેનલ ડોકટરથી કરાવી જરૂરી મેડીકલ સેમ્પલો/કપડા કબજે કરવામા આવેલ. આરોપીના જરૂરી મેડીકલ સેમ્પલો/કપડા/ મોબાઈલ વિગેરે કબજે કરી તાત્કાલીક એફ.એસ.એલ.ગાંધીનગર ખાતે જરૂરી પરીક્ષણ કરાવી સત્વરે પરીક્ષણનો અહેવાલ મેળવી મરણજનારનુ મોત અંગે મેડીકલ ઓફીસર પાસે તાત્કાલીક ફાઈનલ કોઝ ઓફ ડેથ સર્ટી મેળવી. વધુમા તપાસ દરમ્યાન એક રીકન્ટ્રકશન પંચનામુ, બે ડીસકવરી પંચનામા તથા ક્રાઈમસીનનુ પંચનામુ કરી જરૂરી તમામ પુરાવા મેળવવાની કામગીરી કરવામા આવેલ તેમજ આ ગુનાના કામે સ્પેશ્યલ સરકારી વકીલની નીમણુક સારૂ પણ દરખાસ્ત કરવામા આવેલ તેમજ સીટ દ્વારા પુરતા વૈજ્ઞાનીક પુરાવા તેમજ સી.આર.પી.સી.કલમ-૧૬૪ મુજબના કુલ-૦૬ નિવેદ નો તેમજ અન્ય સાહેદો મળી કુલ-૮૦ સાહેદો/પંચો સાથે આરોપી વિરૂધ્ધ કુલ-૨૫૦ પાનાનુ ચાર્જશીટ તૈયાર કરી તા.૦૮/૦૭/૨૦૨૨ ના રોજ માત્ર ૨૫ દિવસમા નામદાર કોર્ટમાં સબમીટ કર્યા હતા. આ હીચકારા આ બનાવને ધ્યાને લઈ કોડીનાર વકીલ મંડળ દ્વારા પણ આરોપી તરફે નો કોઈ કેસ નહીં લડવા પણ નિર્ણય લેવાયો હતો જ્યારે કોડીનારના એડવોકેટ કે.સી. ઉપાધ્યાએ મૃતકના પરિવારને પૂરતો ન્યાય મળે તે માટે વિનામૂલ્ય કેસ લડવાની પણ જાહેરાત કરી હતી અને આજે બે વર્ષ પછી કોડીનારના એડિશનલ સેશન્સ કોર્ટના જજ ભોરાણીયાએ બનાવ અંગે કુલ-૫૫ દસ્તાવેજી પુરાવા સાથે જિલ્લા સરકારી વકીલ કેતનસીંહ વાળા ની ધારદાર દલીલ આધારે આજરોજ આરોપીને નામદાર સેશન્સ કોર્ટ કોડીનારએ આરોપી શામજી ભીખા સોલંકી ને દોષીત ઠેરવી આરોપીને ૩૦૨ ના ગુનામાં ફાંસીની સજા તેમજ ૨૫૦૦૦- દંડ અને ૩૭૬ સહિત ની વિવિધ કલમો હેઠળ આજીવન સજા ફરમાવતો ચુકાદો આપ્યો હતો અને સાથો સાથ પીડિત પરિવાર ને વળતર પેટે ૧૭ લાખ ચૂકવવા નો હુકમ કર્યો હતો આ ચુકાદા માં આરોપીને ફાંસીની સજા મળતા ભોગ બનનારના પરિવારએ ન્યાય મળ્યાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આરોપીને સજા જાહેર થયા બાદ પીડિત પરિવારના લોકો તેમજ જ્ઞાતિબંધુઓ સાથે ગુજરાતના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ પીડિત પરિવાર સાથે ટેલીફોનીક વાત કરીને સાંત્વના આપી હતી બે વર્ષ પૂર્વેની ઘટનામાં સરકારમાં છે પોલીસ તંત્ર માટે અને ન્યાય પ્રણાલી ઉપર વિશ્વાસ રાખી અને ધીરજ રાખવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## દ્વારકા જિલ્લામાં ચોમાસામાં માછીમારી કરવા પર પ્રતિબંધના જાહેરનામા ભંગ સબબ કુલ ૨૯ સામે પોલીસ કાર્યવાહી





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

હાલ ચોમાસાની ઋતુમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ દરિયાઈ વિસ્તારમાં માછીમારી કરવા પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું જિલ્લા કલેકટર દ્વારા અમલમાં મૂકવામાં આવ્યું છે. તેમ છતાં પણ આ જાહેરનામાને અવગણીને અનઅધિકૃત રીતે માછીમારી કરી પોતાના તથા અન્યના જેવું જોખમમાં મુકતા શખ્સો સામે પોલીસ દ્વારા કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે.

જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ, એસ.ઓ.જી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સીંગરખીયા તથા તેમની ટીમ દ્વારા સમયાંતરે દરિયાઈ વિસ્તારમાં પેટ્રોલિંગ તેમજ ચેકિંગ અંગેની કામગીરી કરવામાં આવી રહી છે. ગઈકાલે સોમવારે દ્વારકા વિસ્તારમાંથી આ પ્રકારે અનધિકૃત રીતે માછીમારી કરી રહેલા જાકુબ અબલા ચના, જાકુબ ઈબ્રાહીમ સમા, ઈમરાન કાસમ પટેલિયા, અબ્દુલ મુસા ભેસલીયા અને જાફર જુમા સમા સહિતના પાંચ શખ્સો સામે દ્વારકા પોલીસ મથકમાં તેમજ સલાયા વિસ્તારમાંથી પણ ત્રણ માછીમારો સામે જાહેરનામા ભંગ તથા મત્સ્યોદ્યોગ કાયદા અન્વયે કાર્યવાહી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ડ્રોનના ઉપયોગ મારફતે સલાયામાં ૫ શખ્સો સહિત આ વિસ્તારમાં ૧૭, વાડીનાર મરીન પોલીસ મથકમાં ૧ અને ઓખામાં ૩ સહિત આજ સુધી કુલ ૨૯ માછીમારો તેમજ બોટ સંચાલકો સામે આ પ્રકારે ગુનો નોંધવાની કાર્યવાહી કરવામાં આવી છે.

### સૌરાષ્ટ્રમાં ૫૦ ટકાથી વધુ વરસાદ વરસ્યો

## ગુજરાતમાં એકસાથે ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ

### આગામી ૭ દિવસ ગુજરાતભરમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના

અમદાવાદ,તા.૩૦

ગુજરાત પર એકસાથે ત્રણ વરસાદી સિસ્ટ્રમ સક્રિય થઈ છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. જામનગર, પોરબંદર અને દ્વારકામાં અતિ ભારે વરસાદની છે. ત્રણ સિસ્ટમ સક્રિય હોવાથી વરસાદી માહોલ જામશે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં આગામી સાત દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. સાયકલોનિક સર્ક્યુલેશન, શિયરઝોન અને ઓફશોર ટ્રફ સક્રિય થતા ગુજરાતમાં ફરી વરસાદી માહોલ જામશે. હવામાન વિભાગે જામનગર, પોરબંદર, દ્વારકા અને કચ્છમાં અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ થવાની શક્યતા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે. અમદાવાદમાં અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. રાજ્યમાં સિઝનનો સામાન્ય કરતા ૧૮% વધુ વરસાદ થયો છે. ૧૩.૮ ઈંચ વરસાદને બદલે ૧૬.૪ ઈંચ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં ૫૦ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. મધ્ય, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં ૪% વરસાદની ઘટ છે. આગામી સાત દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરાઈ છે.

### કલર્સ ગુજરાતી બે નવા શો સાથે
## 'અસલ ગુજરાતી નુ અસલ એન્ટરટેઈનમેન્ટ' લઈને આવે છે



અમદાવાદ તા. ૩૧

આય હાલો રે હાલો! કલર્સ ગુજરાતી સાથે તેના જીવંત સારને સ્વીકારીને, ગુજરાતના હૃદયમાં પગ મુકો.તમારા પગ પરથી ઉતરવા માટે તૈયાર થાઓ કારણ કે અમે તમારા માટે 'અસલ ગુજરાતીનુઅસલ એન્ટરટેઈન મેન્ટ' એકદમ નવા લૂક અને બે નવા શોની રજૂઆત સાથે લઈને આવ્યા છીએ જે ટેલિવિઝન અનુભવને ફરીથી વ્યાખ્યાયિત કરશે!આ નવા પ્રકરણની ઉજવણી કરવા માટે,કલર્સ ગુજરાતીએ એક નવી બ્રાન્ડ આઈડેન્ટ અને રાષ્ટ્રગીત "રંગારા" લોન્ચ કર્યું છે જેમાં આદિત્ય ગઢવી, ફાલ્ગુની પાઠક, અચિંત ઠક્કર, સૌમ્યા જોશી છે.રાષ્ટ્રગીત ગુજરાતની ભાવના અને મૂળને સુંદર રીતે કેપ્ચર કરે છે, જે પ્રદેશના સાંસ્કૃતિક ધબકારા સાથે પડઘો પાડે છે. ચેનલ પ્રસ્તુત કરે છે - 'યુનાઈટેડ સ્ટેટ ઓફ ગુજરાત', આ શો ગુજરાતના સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ અને વૈવિધ્યસભર પ્રદેશોમાં એક વાવંટોળની સફરમાં ડૂબકી મારશે, જ્યાં દરેક એપિસોડ હાસ્ય, નાટક અને હૃદયસ્પર્શી પળોનું વચન આપે છે જે તમને કહેશે, "આપડે ટુ ગુજરાત. માજ રાધાયે!" 'શ્યામ ધૂન લગી રે' સાથે તમારી સ્ક્રીન પર પરંપરા અને ભક્તિનો જાદુ જીવંત થવાનો અનુભવ કરો કારણ કે આ શો તમને પાર્થિવ ગોહિલ દ્વારા રચિત અને ગાયેલા મધુર ભજનો સાથે આધ્યાત્મિક સફર પર લઈ જશે જે તમારા આત્મા સાથે ગુંજી ઉઠશે અને તમને ગમશે.

## ખંભાળિયાના વડત્રા ગામે રાત્રિના સમયે જુગારની મોજ માણી રહેલા સાત શખ્સો પર એલસીબી પોલીસ ત્રાટકી



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

ખંભાળિયા વિસ્તારમાં એલસીબીના પી.આઈ. કે.કે. ગોહિલના વડપણ હેઠળ હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ગતરાત્રિના સમયે ખંભાળિયા - દ્વારકા માર્ગ પર આવેલા વડત્રા ગામે આવેલા એક મંદિર પાસે બેસીને જાહેરમાં ગંજીપત્તા વડે તીનપતિ નામનો જુગાર રમી રહેલા રણજીતસિંહ જીવુભા જાડેજા, હરદેવસિંહ અજીતસિંહ જાડેજા, જયદીપસિંહ નટુભા જાડેજા, પ્રવિણસિંહ મુરુભા જાડેજા, રવિરાજસિંહ રામસંગ ચુડાસમા, રઘુવીરસિંહ જીલુભા જાડેજા અને અજીતસિંહ નાથુભા જાડેજાને પોલીસે ઝડપી લીધા હતા. આ દરોડા દરમિયાન રૂપિયા ૪૦,૨૦૦ રોકડા તથા રૂપિયા ૨૦,૫૦૦ ની કિંમતના પાંચ નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૬૦,૭૦૦ નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના એ.એસ.આઈ. સજુભા જાડેજા, સહદેવસિંહ જાડેજા તથા ડાડુભાઈ જોગલની બાતમી પરથી કરવામાં આવી હતી.

કલ્યાણપુર પોલીસે પીંડારા ગામે આવેલા સરકારી ખરાબામાંથી ગંજીપત્તા વડે જુગાર રમે રહેલા મારખી કારુ માડમ, દિલીપ આલા હાથીયા, રમેશ જીવા માણેક અને રાયમલભા સવાભા માણેકને રૂપિયા ૧૧,૪૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. આ દરોડા દરમ્યાન રામશી ગોવા માડમ અને કનુ મેરામણ લગારીયા નામના બે શખ્સો ફરાર થઈ ગયા હતા.

સલાયા પોલીસે ડી.વી. નગર વિસ્તારમાંથી અબ્બાસ કરીમ ભગાડ, મેરાજ ઈકબાલ સંઘાર અને નજીર હુશેન ઈકબાલ સંઘાર નામના ત્રણ શખ્સોને તીનપત્તીનો જુગાર રમતા રૂપિયા ૧,૨૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

## બુધવારે કામિકા એકાદશીનું મહત્વ અને બોધ

અષાઢ વદ અગીયારસ ને બુધવારે તા ૩૧-૭-૨૪ નાં દિવસે કામીકા એકાદશી છે. પદ્મ પુરાણ મા જણાવ્યા પ્રમાણે કામીકા એકાદશી પાપોનો નાશ કરનારી, મોક્ષ આપનાર તથા જીવનમાં શાંતિ આપનાર ગણાય છે.કામીકા એકાદશીનાં દિવસે સવારે વહેલા ઉઠી નિત્યકર્મ કરવું ત્યાર બાદ બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી ચોખાની ઢગલી કરી વિષ્ણુ ભગવાનની છબી રાખવી સાથે બાલકૃષ્ણ પણ રાખી શકાય, દિવો, અગરબત્તી કરી પુજા કરવી છબી ને ચંદન ચોખાનો ચાંદલો કરી અબીલ ગુલાલ કંકુ પધરાવા . ત્યારબાદ ઘરમાં શાલીગ્રામ હોય તો તેનાં ઉપર તુલસી દલ ચડાવી સાથે પુજા કરવી વિષ્ણુ સહસ્રનામ પણ બોલી શકાય છે . નિવેદ્ય માં ભગવાનને સાકર વારુ ગાયનું દૂધ ખાસ ધરાવું પુજન પૂર્ણ થયા પછી કથા વાંચવી અથવા સાંભળવી અને બપોરે નિંદ્રાનો ત્યાગ કરવો.રાત્રીનાં ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરવું . સાંજ ના સમયે વિષ્ણુ ભગવાન પાસે દિપ દાન કરી શકાય છે . આમ કામીકા એકાદશીનાં દિવસે ઉપવાસ રહેવાથી જીવનમાં શાંતિ મળે છે .અને કામ, ક્રોધ, લોભ, મોહનો નાશ થાય છે .

કથા નો બોધ :- કામીકા એકાદશીની કથાનો બોધ ;તમારી પાસે ગમે તેટલું ઘન વૈભવ હોય તો પણ જીવનમાં અભિમાન કરવું નહી અને કોઈ સમયે ક્રોધ કરવો નહિં જો અજાણતા થઈ જાય તો તેનું પાર્યશ્ચીત કરવું.


શાસ્ત્રી રાજદીપ જોશી-વેદાંત રત્ન

## નંદાણાનો ડફેર શખ્સ ગેરકાયદેસર જામગરી બંદૂક સાથે ઝડપાયો

(પ્રતિનિધી દ્વારા) જામ ખંભાળિયા, તા.૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુર તાલુકાના નંદાણા ગામની ચોકીવારી ચોકડી નજીકથી પોલીસે નંદાણા ગામના મુના ઉર્ફે મેરુ કારા પરમાર નામના ડફેર શખ્સને પાસ-પરવાના વગરની રૂ. ૨,૦૦૦ ની કિંમતની જામગરી બંદૂક સાથે ઝડપી લીધેલ છે.

## અમદાવાદમાં વરસાદી માહોલ : સામાન્ય વરસાદમાં અનેક વિસ્તારોમાં રોડ પર પાણી ભરાયા



અમદાવાદ, તા.૩૧

ગુજરાતમાં ફરીથી વરસાદનો રાઉન્ડ શરૂ થયો છે.સોમવારે વહેલી સવારથી અમદાવાદ શહેર અને જિલ્લામાં વરસાદ પડી રહ્યો છે.અમદાવાદમાં વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો હતો અને શહેરમાં અડધો ઈંચ જેટલો વરસાદ વરસી ગયો છે. જો કે અડધા ઈંચ વરસાદમાં જ અમદાવાદના અનેક માર્ગો પર પાણી ભરાયા હતા.હવામાન વિભાગે ૩૧ જુલાઈ સુધી રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે. IMDના લેટેસ્ટ એલર્ટમાં કહેવામાં આવ્યું છે કે સૌરાષ્ટ્ર બાદ હવે મધ્ય ગુજરાતના વડોદરા અને અમદાવાદ જિલ્લામાં પણ ભારે વરસાદ પડી શકે છે.

વેજલપુર સોનલ સિનેમા રોડ, મકરબા વિસ્તારની વાત કરીએ તો મકરબા પોલીસ હેડ ક્વાર્ટર નજીકનો સમગ્ર રસ્તો જળમગ્ન બન્યો છે.વરસાદી પાણીની સાથે ગટરના પાણી પણ બેક મારતા રસ્તા પર ગટરના પાણી પણ ફરી વળ્યા હતા.વરસાદી પાણી અને ગટરના પાણી ભળતા સમગ્ર માર્ગ જાણે જળમગ્ન બન્યો હતો. જેના કારણે રસ્તો બંધ કરવાની ફરજ પડી હતી. વેજલપુરથી મકરબા સુધીના આ રોડ પર દર ચોમાસે આ જ પ્રકારે પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે અને લોકોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. દર વર્ષે પ્રિમોન્સુન કામગીરીના નામે મસમોટા દાવા કરતી મહાનગરપાલિકા શહેરમાં પાણીના નિકાલનું યોગ્ય આયોજન કરી શક્તી નથી. થોડા વરસાદમાં જ ઠેકઠેકાણે રોડ બેસી જવા,પાણી ભરાવા, ગટરો બેક મારવી જેવી સમસ્યાઓ હવે ચોમાસામાં રોજિંદી બની છે.

અમદાવાદ માં ફરી શેલા વિસ્તારમાં રસ્તો ધોવાયો છે. સવારથી શરૂ થયેલા થોડા વરસાદમાં જ શેલામાં રોડ ધોવાઈ ગયો છે. હજુ મહિના પહેલા જ આ વિસ્તારમાં વિશાળકાય ભુવો પડ્યો હતો ગુજરાત હાઈકોર્ટે પણ શહેરમાં પાણી ભરાવાની સમસ્યા મુદ્દે અમ્યુકોને માર્મિક ટકોર કરી હતી કે,યોગ્ય મોનિટરીંગ નહીં હોવાથી થોડા વરસાદમાં જ શહેરમાં પાણી ભરાઈ જાય છે અને નાગરિકો હેરાનપરેશાન થઈ જાય છે.


## -:: જાહેર નોટીસ ::-

આથી અમો એન.વી. શિંગાળા (એડવોકેટ) રહે.જૂનાગઢ તે અમારા ખરીદનાર અસીલની સૂચના અનુસાર જાહેર જનતા તથા લાગતા-વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

જૂનાગઢ જીલ્લાના, જૂનાગઢ તાલુકાના મુખ્ય શહેર જૂનાગઢમાં મહાનગરપાલીકા હદની અંદર મોહલ્લે કાળવા ચોક એરીયામાં હરેશ ટોકીઝના ખૂણા ઉપર આવેલ જૂનાગઢના સીટી સર્વે બ્લોક નંબર : ૨૮ (કા.દ.બ.) સીટી સર્વે નંબર-૩૪ પૈકીની જમીનમાં આવેલી દુકાનો પૈકીની દુકાન નંબર-૫ વાળી દુકાન જેનું ક્ષેત્રફળ ચો.મી. ૧૩.૪૫ આ. વાળી દુકાન ઈશ્વરદાસ ગોરધનદાસ સુખવાણીની એકલાની સ્વતંત્ર માલિકીની તથા કબ્જા ભોગવટાની આવેલી છે.

ઉપરના પેરેગ્રાફમાં જણાવ્યા મુજબની દુકાનની ફાઈલમાં ઉત્તરોત્તર રીતે ટાઈટલની હિસ્ટ્રી જોતા તેમાં રજી.દ.અનુ.નં.-૩૧૬, તા.૯-૨-૧૯૮૪ વાળુ નોંધાયેલ હોવાનું સાબિત થાય છે, જેમાં લખી આપનાર તરીકે બળવંતરાય તુલસીદાસ કોઠારી તથા દિલીપકુમાર તુલસીદાસ કોઠારી લખેલ છે, અને લખાવી લેનાર તરીકે નારણદાસ વીશુમલ સુખવાણી આવેલ છે. તે રજીસ્ટર્ડ દસ્તાવેજ અસલ સદર ફાઈલમાં તેઓની પાસે નથી, તેઓનાથી ખોવાઈ ગયેલ છે અગર તો પ્રાપ્ત થયેલા નથી. અગર તો તેઓનાથી ગેરવલ્લે ચડી ગયેલ છે, જેથી આ સમગ્ર મિલ્કત પરત્વે તે માલિક અગર તો મુખત્યાર અગર તો અન્ય કોઈ આસામીનું કશુ લેણું, કરજ કે બોજો આવેલ હોય અગર તો આ મિલ્કત ઉપર કોઈનો ચાર્જ-લીયન આવેલ હોય, અગર તો ઉત્તરોત્તર કોઈનો વારસાઈ હક્ક સમાયેલો હોય તેમજ સદર મિલ્કત પરત્વે કોઈપણ પ્રકારની કાનુની સંસ્થા કે રાષ્ટ્રિયકૃત, અર્ધસરકારી, સહકારી બેંક, સહકારી મંડળી કે કોઈ પુખ્ત કે સગીરનો રાઈટ્સ, દર-દાવો-લાગ-ભાગ, વાંધો-તકરાર, લીયન, ચાર્જ, વારસાઈ હક્ક કે ભરણ પોષણ કે કોઈપણ પ્રકારનો હક્ક હીત કે હીસ્સો હોય તો તેમજ ઉપરોક્ત જણાવેલ રજી. દસ્તાવેજ વાળુ અસલ ડોકયુમેન્ટ મળી આવે તો નીચે દર્શાવેલ સરનામે અથવા તો પ્રવર્તમાન માલિકના સરનામે, પહોંચતા કરવા, તેમજ વાંધા તકરાર બાબતે આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૮માં નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે રજુઆત કરવી અને અસલ દસ્તાવેજ મળ્યેથી સમય મર્યાદામાં નીચે દર્શાવેલા સરનામે અગર તો માલિકશ્રીને તેમના સરનામે પહોંચતા કરવા. સમય મર્યાદામાં કોઈનો કશો વાંધો તકરાર રજુ ના થયેથી આ મિલ્કત ઉપર કોઈનું કશાજ પ્રકારનું લેણું આવેલુ ના હોવાનું માની ટાઈટલ કલીયર અંગેની પ્રક્રિયા કરવામાં આવશે અને ત્યારબાદ આવેલ વાંધો માન્ય રહેશે નહીં, જેની સર્વે લાગતા વળગતાઓએ ગંભીરતાથી અને તકેદારીપૂર્વક નોંધ લેવી.

(એન.વી. શિંગાળા)
એડવોકેટ, જૂનાગઢ

અમારા મારફત ::-
એન.વી. શિંગાળા (એડવોકેટ)
ઠે.૫/ભર્તુહરિ પાર્ક, સેજના ઓટા પાસે,
જૂનાગઢ (મો.૯૮૨૪૮ ૫૫૫૦૧)
Sanand No. 2013/2008/JUNAGADH

# રસાનુભૂતિ શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ જૂનાગઢના રસિકોએ મન ભરી માણ્યો





જૂનાગઢ, તા.૩૦
ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને સપ્તક સંગિત વિધ્યાલય તથા સૂર સંગીત નૃત્ય વિધ્યાલય, જૂનાગઢ દ્વારા ગત તા.૨૭ના રોજ આયોજીત રસાનુભૂતિ શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ યોજાયો જેનું દીપ પ્રાકટ્ય કવિ મહેન્દ્રસિંહ પઢીયાર, જિલ્લા યુવા વિકાસ અધિકારી એન.ડી.વાળા ,ગૌરવભાઈ રૂપારેલિયા, દાદુભાઈ કાનારા, રાજુભાઈ ભટ્ટ, જયકિશન દેવાણી, અમિતભાઈ ચરાડવા, દેવેન્દ્રભાઈ દવે, શાંતિલાલ જેઠવા અને કાર્યક્રમ આયોજક સંગીતકાર વિપુલ ત્રિવેદી, નૃત્યકાર સુશ્રી સીમા પુરોહીત દ્વારા કરવામાં આવ્યું હતું. મોહત્સવનો પ્રારંભ સ્થાનિક કલાકારો કુ.કલીમ ઠાકર અને કુ.ધ્રુવી દોશીની ગણપતિ વંદના ભરતનાટ્યમ નૃત્યથી થયો ત્યારબાદ સંગીત નૃત્ય નાટ્ય મહા વિદ્યાલય રાજકોટના અને સૂર ગંગા સંગીત નૃત્ય વિધ્યાલય અમરેલીના કલાકારો દ્વારા કથક્ક નૃત્યની વિવિધ સમૂહ પ્રસ્તુતિએ ઊપસ્થિત પ્રેક્ષકગણને રસતરબોળ કરિ દીધા, અમરેલી ગ્રૂપના નૃત્ય ગુરૂ સુશ્રી રશ્મિ જેઠવા, સ્વરા ઠાકર, હિરલ મેહતા, મુદ્રા ચાવડા, યાત્રી ભાલાલા, કૃપા સોલંકી, અનન્યા યાદવ, પૂજા ધકાન, વિશ્વા જેઠાવા તથા સર્જિંદા ઉમેશ કબરિયા અને મૌલિક પરીખ દ્વારા સુંદર પ્રસ્તુતિ થયેલ, રાજકોટના નૃત્ય ગુરૂ સુ દેવેન્દ્ર દવે, રામ વ્યાસ, નિયતી ભટ્ટ, અમીબેન વેષ્ણવ, પરેશ માણેક દ્વારા થયેલ પ્રસ્તુતિ કાબિલે દાદ રહી, કાર્યક્રમનાં ઉદઘોષક તારીકે પલ જોષી અને દિવ્ય રુપારેલે તેમની આગવી સેહલીમાં સુંદર નિભાવી, હાલનાં આ વરસાદી માહોલ વચ્ચે કાર્યક્રમને માણવા કલા રસિકો બોહડી સંખ્યામાં ઊપસ્થિત રહ્યા અને અને શાસ્ત્રીય નૃત્ય માણી આનંદ વિભોર થયા, સફળ કાર્યક્રમ સંપન્ન થવા બદલ સહુ સહયોગીનો આભાર સંગીત ગુરૂ, સંગીતકાર વિપુલ ત્રિવેદી દ્વારા પ્રકટ કરવામાં આવ્યો, સમગ્ર આયોજનને સફળ બનાવવા સપ્તક સંગિત વિદ્યાલય, સૂર સંગીત નૃત્ય વિદ્યાલય અને મીનરાજ સંકુલનાં વિદ્યાર્થી અને સ્ટાફ પરીવાર દ્વારા પરિશ્રમ ઉઠાવેલ હતો.

### મહિલા સર્વાંગી વિકાસ માટે

# જૂનાગઢ જીલ્લામાં મહિલા અને બાળ વિકાસ દ્વારા 'નારી વંદન સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે

જૂનાગઢ, તા.૩૦
રાજ્યની મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ આયોજન હાથ ધરવામાં આવે છે. મહિલાઓના સર્વાંગી વિકાસ માટે મહત્વના પરિબળ એવા સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુસર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા.૧ ઓગસ્ટ થી તા.૮ ઓગસ્ટ-૨૦૨૪ દરમ્યાન "નારી વંદન સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવે છે.

તા.૧ ઓગસ્ટ થી તા.૮ ઓગસ્ટ-૨૦૨૪ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં પણ મહિલા સુરક્ષા દિવસ, બેટી બચાવો બેટી પઢાવો દિવસ, મહિલા સ્વાવલંબન દિવસ, મહિલા નેતૃત્વ દિવસ, મહિલા કર્મયોગી દિવસ, મહિલા કલ્યાણ દિવસ અને મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવશે.

ઉજવણી દરમ્યાન મહિલા સુરક્ષા સંબંધી વિવિધ કાયદાઓ અને મહિલાલક્ષી યોજનાઓની વિગતો મહિલાઓ સુધી પહોંચાડવામાં આવશે. કિશોરીઓ તથા સગર્ભા મહિલાઓને હિમોગ્લોબીન તપાસ, આરોગ્યલક્ષી વિગતો અને માર્ગદર્શન આપવામાં આવશે. મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટેની સરકારના વિવિધ વિભાગોની યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવશે, આથી જિલ્લાની મહિલાઓને આ કાર્યક્રમમાં જોડાવા માટે જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

# જૂનાગઢ જીલ્લામાં આત્મા પ્રોજેક્ટ હેઠળ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તાલીમ અપાઈ






જૂનાગઢ, તા.૩૦
રાજ્યના મહત્તમ ખેડૂતો રસાયણયુક્ત કૃષિ તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન મળી રહે તે માટે પૂરતો સહયોગ છે. પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતોને માર્ગદર્શન મળી રહે માટે જૂનાગઢ જિલ્લા આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોને દર વર્ષે પ્રાકૃતિક કૃષિ તાલીમ આપવામાં આવે છે. ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે અંગે ગ્રામીણ કક્ષાએ નિઃશુલ્ક તાલીમ યોજવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ અન્વયે રાજય સરકાર દ્વારા ક્લસ્ટર આધારિત તાલીમ અભિયાન હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં જિલ્લમાં પ્રાકૃતિક કૃષિલક્ષી ૩,૧૩૯ કલસ્ટર બેઈજ તાલીમો દ્વારા ૬૦,૬૯૫ ખેડૂતોને તાલીમ આપી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫ જુલાઈ મહિના સુધીમાં ૯૫૨ તાલીમ દ્વારા ૧૯,૮૭૮ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિનું માર્ગદર્શન મળી રહે તે માટે જુનાગઢ જિલ્લામાં ક્લસ્ટર બેજ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ દ્વારા ખેડૂતોને જમીન તથા પાકના પ્રકારો, આબોહવાકીય વિગતો, જીવામૃત, આચ્છાદાન, બીજામૃત, મિશ્ર પાક પદ્ધતિ વગેરે માપદંડો જેવી તાલીમ આપવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ ગાય આધારિત ખેતી હોવાથી ખેડૂતો ગાયોનું પાલન પોષણ કરી શકે છે. આ તાલીમમાં પ્રાકૃતિક કૃષિ અપનાવનાર ખેડૂતો પણ સાથે રહી પોતાના અનુભવોમાંથી બીજા ખેડૂતોને માર્ગદર્શિત કરે છે, જેથી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે સમર્થન મળી રહે અને આ અભિગમ ખેડૂતો વચ્ચે જ્ઞાનની વહેંચણી અને સામૂહિક પ્રગતિ સુવિધા આપે છે. જેથી ખેડૂતો વધુને વધુ પ્રાકૃતિક કૃષિ અપનાવે અને સ્વાસ્થ્યનુ સંવર્ધન કરે તે માટે મદદરુપ બની રહે છે. આમ, ખેડૂતોને આત્મા પ્રોજેક્ટ ટીમ દ્વારા ખેડૂતોને સતત જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવી રહ્યું છે, તેમ જૂનાગઢ જિલ્લા આત્મા પ્રોજેક્ટ નિયામક દીપક રાઠોડે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# કમરતોડ વેરા સામે વિસાવદરની જનતા નગરપાલિકા સામે લાલઘૂમ

(વિનુ પુરોહીત દ્વારા)




વિસાવદર, તા.૩૦
વિસાવદર નગરપાલિકાએ એક જાહેરનામામાં રહેણાંક માટેના વેરામાં ૬૬% જેટલો વધારો કરી સુવિધા આપો પછી કરવેરો નાખી મર્યાદિત આવક ધરાવતા નાગરીકોને અધમૂઆ કરી નાખ્યા છે. તેમજ બિન રહેણાંક મિલકત વેરામાં ૫૦ % જેટલો વધારો કરી નાગરીકોની આર્થિક સ્થિતિ બેહાલ થાય તેવું કરી દિધેલ છે. સુવિધાના નામે શુન્ય સગવડો આપતી નગરપાલિકા ભ્રષ્ટાચારથી થયેલા કામોમાં કટકીઓ ખાધેલ છે એવી રીતે બદનામ છે.અનુસાશન વિહોણી આ નગરપાલિકા એ ગયા વર્ષે ૧૦૦ ઈંચ વરસાદ થયો તોય ત્રણ દિવસે પાણી આપ્યું જે છેલ્લા ત્રીસ વર્ષમાં પહેલીવાર થયૂ હોય એવો કેટલાક નાગરીકોનો દાવો છે. વિસાવદરના તૂટેલા ફૂટેલા રોડ એના માટે લોકો વિસાવદરની ગણના મંગળ ગ્રહ નો ભાગ છે એમ કહે છે. કેટલાક કોર્પોરેટરોએ પોતાના વિસ્તારના એકના એક રોડ ત્રણ ચાર વાર બનાવી નાખીને મસમોટા કૌભાંડો કરવામાં વિડીયો ઉપર વાઈરલ થયા છે. વિસાવદરના મુખ્ય માર્ગો ઉપરથી પસાર થવુંએ મોટામાં મોટો પડકાર બની જાય છે. જયા જુઓ ત્યાં કચરાના ઢગલાઓ બિમારીને આમંત્રણ આપે છે તેના માટે નગરપાલિકાના બગડેલા વહીવટો જવાબદાર છે. ગટર યોજનાના રૂપકડા નામ હેઠળ વેરો ભરવામાં આવશે અને તે આવકથી ભાગબટાઈનો ખેલ ચાલુ થશે. સરકારની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હોય તો તેનો કોઈ હિસાબ નથી મળતો આવું લોકો કહે છે. સફાઈ વેરામાં ૧૦૦% વધારો કર્યો છે. લાઈટ વેરા માં તોતિંગ ૩૦૦ % નો વધારો કરેલ છે. એક તો આવકના સાધનો ઓછાને આ મસમોટા કરવેરાઓથી જનતા ભારે ત્રાહિમામ થયેલ છે. આ બાબતે સતાધીશો સામે વિપક્ષ પણ કેમ ચૂપ છે એ વિચારવા જેવું છે કે પછી આવ ભાઈ હરખા આપણે બેય સરખા કરીને લોકોને ઉલ્લું બનાવવાના કારસ્તાન છે. લોકોનુ એમ કહેવુ છે કે પહેલા સુવિધાઓ આપો પછી મર્યાદામાં વેરો વધારો નહીંતર આ પ્રજા રોડ ઉપર આવશે તો અધિકારીઓની ઘેરાબંધી કરી અને હિસાબો માંગી કેટલા ટકા હિસ્સો છે તે જાહેરમાં બહાર કાઢશે.

# જૂનાગઢ જીલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટીનો નિર્દેશ ઉંદર પકડવાની જાળ-ગ્લુટ્રેપના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ

જૂનાગઢ, તા.૩૦
ગ્લુટ્રેપ જે ગ્લુ બોર્ડ અથવા સ્ટીકી ટ્રેપ તરીકે પણ ઓળખાય છે. મોટાભાગે ઉંદરોને પકડવા માટે તેનો ઉપયોગ થાય છે. જ્યારે ઉંદર (ગ્લુટેપ) વાળી સપાટી પર ચાલે છે અથવા ઉતરે છે તો ગુંદરની જાળમાં પકડાઈ તે પછી ઉંદર પોતાની રીતે મુક્ત થવા અસમર્થ છે. જેના પરિણામ તે ઉંદર ડિહાઈડ્રેશન, ભૂખમરો, ગૂંગળામણના કારણે આખરે પીડાદાયક મૃત્યુ પામે છે. ઉંદરોનું નિયંત્રણ ઈચ્છનિય છે, પરંતુ તે માટે ઉપયોગમાં લેવામાં આવતી પધ્ધતિઓ પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમની જોગવાઈઓ ભંગ કરતી ન હોવી જોઈએ. ઉંદરોની વસ્તીના નિયંત્રણ માટે અત્યંત ક્રૂર પધ્ધતિ ન અપનાવવા ઉંદર પકડવા સારુ વિવિધ સાધન સામગ્રી વેચાણ કરતા વિવિધ એકમોને ગ્લુટ્રેપના વેચાણ ઉપર જૂનાગઢ જિલ્લામાં પ્રતિબંધ છે. સંયુકત પશુપાલન નિયામકશ્રી, ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજય ગાંધીનગરના નોટિફિકેશન અને નામદાર ગુજરાત હાઈકોર્ટ માં થયેલ **Writ Peition(PIL)** ૨૮/૨૦૨૪ સંદર્ભે ઉંદર પકડવાની જાળ- ગ્લુટેપના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ છે. જે બાબતે પ્રાણી ક્રૂરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧ મુજબ કોઈપણ પ્રાણીને બિન જરુરી પીડા, વેદના ન આપવા અંગે જોગવાઈ છે. જૂનાગઢ જિલ્લામાં આ જોગવાઈનું ચુસ્તપણે અમલવારી કરવી. સૂચનાઓનો ભંગ કરે તેના સામે શિક્ષાત્મક કાર્યવાહી થશે, તેમ સભ્ય સચિવ સહ નાયબ પશુપાલન નિયામક, જૂનાગઢ જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટીએ એક યાદીમાં જણાવ્યું છે.

# પશ્ચિમ રેલવે અમદાવાદ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન દોડાવશે

(પ્રતિનિધિ દ્વારા)



દ્વારકા, તા.૩૦
પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખતાં જન્માષ્ટમી તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા ઉપર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ અમદાવાદ-ઓખા સુપરફાસ્ટ સ્પેશિયલ (કુલ ૨ ટ્રિપ), ટ્રેન નંબર ૦૯૪૫૩ અમદાવાદ-ઓખા સ્પેશિયલ ૨૫ ઓગસ્ટ ૨૦૨૪ (રવિવાર) ના રોજ અમદાવાદથી સવારે ૦૭:૪૫ કલાકે ઉપડશે તથા એ જ દિવસે ૧૭:૦૦ કલાકે ઓખા પહોંચશે. આ રીતે ટ્રેન નંબર ૦૯૪૫૪ ઓખા-અમદાવાદ સ્પેશિયલ ૨૬ ઓગસ્ટ ૨૦૨૪ (સોમવાર) ના રોજ ઓખાથી સવારે ૫:૩૦ કલાકે ઉપડશે તથા એ જ દિવસે ૧૫:૦૦ કલાકે અમદાવાદ પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન ચાંદલોડિયા, વિરમગામ, સુરેન્દ્રનગર, થાન, વાંકાનેર, રાજકોટ, હાપા, જામનગર, ખંભાળીયા અને દ્વારકા સ્ટેશનો ઉપર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ શ્રેણીના કોચ હશે. ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪નું બુકિંગ આવતીકાલ તા.૩૧/૭/૨૦૨૪થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ ઉપર શરૂ થશે. ટ્રેનોના માર્ગ, સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી **www. enquiry. indianrail. gov.in** ઉપર જઈને અવલોકન કરી શકે છે.

# દ્વારકાથી નાગેશ્વર જવાનો રસ્તો ઉબળ ખાબળ : મસમોટા ભુવાઓ પડ્યા

(પ્રતિનિધિ દ્વારા)



દ્વારકા, તા.૩૦
શ્રાવણમાસને ગણત્રિના દિવસો બાકી નાગેશ્વર જયોતિલીંગ હજારો શિવ ભક્તો ઉમટશે ત્યારે શ્રાવણમાસ પહેલા સબંધિક્ત તંત્ર યુધ્ધના ધોરણે રસ્તાનું સમારકામ કરાવે તેવી માંગ લોકોમાંથી ઉઠી રહી છે. યાત્રાધામ દ્વારકાથી નાગેશ્વર જયોતિલીંગ જવાનો રસ્તો ઉબડ ખાબળ હોવાથી રસ્તા વચ્ચે મસમોટા ભુવાઓ પડ્યા છે. શ્રાવણમાસને ગણત્રિના દિવસો બાકી રહ્યા છે. નાગેશ્વર જયોતિલીંગે દુરદુરથી તેમજ સ્થાનિકો શ્રાવણમાસમાં નાગેશ્વર જયોતિલીંગે દર્શનાથે જશે. ત્યારે દ્વારકાથી છેટ નાગેશ્વર જયોતિલીંગ સુધી રસ્તાની બિસ્માર હાલત હોવાથી વાહન ચાલકોને હલાકી પડી રહી છે. રસ્તો ઉબળ ખાબળ અને મસમોટા ખાડાઓના કારણે અકાસ્માત થવાની ભિતી સેવાઈ રહી છે. શ્રાવણમાસ પહેલા યુધ્ધના ધોરણે સબંધિક્ત તંત્ર રસ્તાનું સમારકામ કરાવે તેવી માંગ ઉઠી છે.

# વૃક્ષનું ધાર્મિક મહત્વ જાણો અને વૃક્ષારોપણ કરો : દેવેન શેઠ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૩૦
દરેક ધર્મમાં વૃક્ષોને ભગવાનની જેમ પુજનીય અને પવિત્ર માનવામાં આવ્યા છે. હિંદુ ધર્મ અનુસાર વૃક્ષોમાં દેવી અને દેવતાઓનો વાસ હોય છે. જેની પૂજા કરવાથી, વાવવાથી, પાણી પાવાથી વ્યકિતના જીવન સાથે જોડાયેલા તમામ કષ્ટો દૂર થાય છે અને તેની મનોકામના પૂર્ણ થાય છે. વૃક્ષના મૂળથી માંડી પાંદડા, ફળ અને બીજ સુધી દરેકમાં અલગ અલગ ઈશ્વરનો વાસ છે આપણે મખ્ય ગણાતા વૃક્ષોનું ધાર્મિક મહત્વ જાણીએ.

● પીપળો : ધર્મગ્રંથોમાં પીપળાના વૃક્ષને પવિત્ર અને પુજનીય માનવામાં આવે છે. પીપળાના વૃક્ષમાં મુળથી લઈને પાંદડા સુધી દેવી-દેવતાઓનો વાસ છે. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે કે પાર્થ હું વૃક્ષોની વચ્ચે હું પીપળો છું ભગવાન બુધ્ધને પીપળાના વૃક્ષ નીચે બેસી આત્મબોધ થયો હતો. પીપળાના વૃક્ષમાં પિતૃઓનો પણ વાસ છે. પિતૃઓને તૃપ્ત કરવા પીપળાના વૃક્ષનું પૂજન કરવામાં આવે છે. શ્રાધ્ધના ૧૫ દિવસો દરમ્યાન પીપળાના વૃક્ષનું વૃક્ષારોપણ કરી તેનું જતન કરવાથી પિતૃઓના આત્માને શાંતિ અને મુકિત મળે છે. વ્યકીતને જયારે શનિદેવની પનોતી હોય ત્યારે ૧ પીપળો વાવી તેને નિયમિત પાણી પાવાથી શશન દોષ દૂર થાય છે.

● વડનું વૃક્ષ - વટવૃક્ષ : વડના વૃક્ષને પણ ધર્મગ્રંથોમાં અતિ પવિત્ર વૃક્ષ ગણવામાં આવ્યું છે. તેની છાલમાં ભગવાન વિષ્ણુ, મૂળમાં બ્રહ્મા અને ડાળીઓમાં શિવ ભગવાન બિરાજમાન છે. એટલે આ વૃક્ષમાં ત્રિદેવનો વાસ છે. તીર્થંકર ઋષભદેવ એ અક્ષય વડની નીચે તપસ્યા કરી હતી. આ સ્થળ પ્રયાગમાં ઋષભદેવ તપસ્થળ નામથી ઓળખાય છે. આ વૃક્ષ દિવસમાં ૨૦ કલાક થી વધારે સમય ઓકિસજન આપે છે. વડના વૃક્ષને વાવી તેને નિયમિત પાણી પાવાથી પિતૃઓના આશીર્વાદ મળે છે, વ્યક્તિનુ આયુષ્ય વધે છે અને વ્યકિત મોક્ષને પાત્ર બને છે. ભગવાન શિવના દર્શન કરવા જેટલું જ મહત્વ વડના વૃક્ષના દર્શન કરવાનું શુભ માનવામાં આવે છે.

● બીલીનું વૃક્ષ : બીલીના વૃક્ષને પણ શાસ્ત્રોમાં ખૂબ જ શુભ ગણવામાં આવ્યું છે. તેના પાન બીલીપત્ર ભગવાન શિવને અતિ પ્રિય છે. દરરોજ ભગવાન શિવને બીલીપત્ર ચડાવવાથી અનેકગણુ પુણ્ય મળે છે. આ વૃક્ષના ત્રણ પાંદડા ભગવાન શિવની ત્રણ આંખોનું પ્રતિક છે. બીલીપત્ર વગર ભગવાન શિવની પૂજા અધુરી ગણાય છે. શિવજી પર જળનો અભિષેક કરી બીલીપત્ર ચડાવવાથી શીવજી પ્રસન્ન થાય છે. શિવપુરાણમાં બીલીના વૃક્ષને શિવજીનું રૂપ માનવામાં આવે છે. શ્રાવણ માસ દરમિયાન ૧૧ બીલીના વૃક્ષોનું વૃક્ષારોપણ કરી તેને નિયમિત પાણી પાવાથી વ્યકિતને શિવજીના આશિર્વાદ મળે, જીવનના તમામ સંકટો દૂર થાય છે. બીલી વૃક્ષને શ્રીવૃક્ષ પણ કહેવામાં આવે છે. શ્રીદેવી લક્ષ્મીનું જ એક નામ છે. બીલીના વૃક્ષની પુજાથી માતા લક્ષ્મીજીની પણ કૃપા પ્રાપ્ત થાય છે. અને મનુષ્ય ધનવાન થાય છે. બીલીના વૃક્ષના મુળમાં ગિરીજા, થડમાં મહેશ્વરી, ડાળીઓમાં દક્ષાયણી, પાંદડાઓમાં શિવ-પાર્વતી, ફુલોમાં ગૌરી અને ફળોમાં દેવી કાત્યાયની વાસ કરે છે. આ કારણે જ આ વૃક્ષને દૈવીય વૃક્ષ કહે છે.

● શમી (ખીજડો) : હિંદુ શાસ્ત્રમાં શમીનું વૃક્ષ શનિદેવ સાથે જોડાયેલું છે. અને તેનું મહત્વ અનેરૂ છે. શનિદેવની ખરાબ અસર માનવીય જીવનમાં ઘણી આર્થિક અને સામાજિક મુશ્કેલીઓ લાવે છે. શનિદેવની કૃપા દ્રષ્ટિ મેળવવા માટે શમીના વૃક્ષને ઘરના આંગણામાં કે ઘરની આસપાસ ઉછેરવાનું અનન્ય મહત્વ આપણા શાસ્ત્રમાં સમજાવવામાં આવ્યું છે. શમીના વૃક્ષને નિયમિત પાણી પાઈને ઉછેરવાથી શનિદેવની હકારાત્મક ઉર્જા તેમજ શનિદેવની અમિદ્રષ્ટિ આર્થિક સમૃધ્ધીમાં વિશેષ વધારો કરે છે. તેમજ શમી વૃક્ષના દર્શન માત્રથી દોષોનું નિવારણ થાય છે. આપણા ધાર્મિક ગ્રંથો મુજબ શમી વૃક્ષની પૂજા રામાયણમાં શ્રી રામ એ યુધ્ધ પહેલા કરી હતી અને મહાભારતમાં અર્જુન એ તેમના દિવ્યશસ્ત્રો અને ગાંડીવ શમી વૃક્ષમાં છુપાવ્યા હતા.



● લીમડાનું વૃક્ષઃ લીમડાના વૃક્ષ ઉપર શીતળામાતા અને દુર્ગામાતાનો વાસ છે. મંગળવારે લીમડાના વૃક્ષનું વૃક્ષારોપણ કરી તેને જળ ચડાવી પૂજા કરવામાં આવે અને તેનો ઉછેર કરવામાં આવે તો તમામ પ્રકારની માનસિક અને શારિરીક વ્યાધી દૂધ થાય છે. હનુમાનજીની કૃપા સદાય બની રહે છે. લીમડાના વૃક્ષને પાણી પાતી વખતે ઓમ શીતાળમાતા નમઃ ના નામનો મંત્ર બોલતા જવાથી શરીરના રોગો દૂર કરી શરીરને સ્વસ્થ બનાવશે અને જીવનમાં સુખ સમૃધ્ધિ પણ રહે છે. લીમડાના વૃક્ષને ભારતના કેટલાક પ્રદેશોમાં નીમરી દેવી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વૃક્ષ ચમત્કારીક ઔષધીય ગુણોથી ભરપુર છે.

(વધુ વૃક્ષ વિશે હવે પછી.)

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ‘નીટ’ હવે ક્લીન?

નીટ પરીક્ષાઓને લઈને દેશવ્યાપી હંગામા અને રાજકીય નિવેદનબાજી છતાં એ સુખદ છે કે સુપ્રીમ કોર્ટે ચિકિત્સા સંસ્થાઓમાં પ્રવેશ માટે આયોજિત નીટ પરીક્ષાને ફરીથી કરાવવાની માંગ ફગાવી દીધી છે. જોકે મંગળવારે આવેલ ચુકાદાનો માનવીય પક્ષ એ છે કે સુપ્રીમ કોર્ટે ૨૪ લાખ અભ્યર્થીઓને થનારી પરેશાનીને પ્રાથમિકતા આપી. તેમ છતાં સુપ્રીમનો ચુકાદો ભારતમાં પરીક્ષા પ્રક્રિયાઓમાં પ્રણાલીગત સુધારાની જરૂરિયાતને રેખાંકિત કરે છે. કોર્ટના વ્યાવહારિક ચુકાદા છતાં આ વિવાદે આપણી શૈક્ષણિક અને પરીક્ષા પ્રણાલીની અંદર વ્યાપ્ત વિસંગતિઓને પણ ઉજાગર કરી છે. એકંદરે મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની એ ટિપ્પણી કે લીક પરીક્ષા પ્રણાલીનું ઉલ્લંઘન નથી, એક અસ્થાયી રાહત ચોક્કસ પ્રદાન કરે છે. પરંતુ આ સિસ્ટમમાં રહેલી કમજોરીઓને સંબોધિત કરવી જરૂરી છે. તેમ છતાં રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી એટલે કે એનટીએ અને આઈઆઈટી દિલ્હી દ્વારા પ્રસ્તુત પુરાવા અનુસાર બિહારના હજારીબાગ અને પટનામાં લીક મહત્ત્વાકાંક્ષી ચિકિત્સા વ્યાવસાયિકો માટે થનારી મહત્ત્વપૂર્ણ પરીક્ષા આયોજનની રીતભાતોની વિશ્વસનીયતા પર પ્રશ્ન તો ઉઠે જ છે. પ્રભાવિત છાત્રોના કેસો પતાવવા માટે એનટીએ પર ન્યાયાલયની નિર્ભરતા સમસ્યાના દીર્ઘકાલીન સમાધાનને બદલે એક કામચલાઉ દૃષ્ટિકોણને દર્શાવે છે. જ્યારે બીજી તરફ ગયા જૂન મહિનાં યુજીસી-નેટ પરીક્ષા રદ્દ થવી પણ ચિંતા વધારે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયને અજ્ઞાત સૂત્રોથી મળેલ તથ્યોના આધાર પર શિક્ષણ મંત્રાલયે જાતે નોંધ લઈને આ કાર્યવાહી કરી હતી. જોકે આ પગલું છાત્રોના હિતોની તાત્કાલિક રક્ષાની દૃષ્ટિએ સાર્થક છે પરંતુ આ ઘટનાક્રમ આપણી પરીક્ષાતંત્રના બુનિયાદી માળખાની કમજોરીને જ ઉજાગર કરે છે. કહી શકાય કે પરીક્ષા તંત્રની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને એવા તદર્થવાદ અને પારદર્શિતાની ઉણપ છાત્ર સમુદાયમાં અવિશ્વાસ અને ચિંતા વધારે છે. એકંદરે હાલની ઘટનાઓ પ્રતિયોગી પરીક્ષાઓ તથા પરીક્ષાઓ આયોજિત કરનારા તંત્રના માળખામાં વ્યાપક બદલાવની જરૂરિયાત દર્શાવે છે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે એનટીએની સંરચનાની સમીક્ષા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની સ્થાપના કરવામાં આવશે, નિશ્ચિતપણે આ સંસ્થાની વિશ્વસનીયતા વધારવાની દિશામાં એક યોગ્ય પગલું છે. જોકે તેની સાથે જ પરીક્ષાઓમાં સુરક્ષા, પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે મજબૂત ઉપાયોને પણ તેમાં સામેલ કરવા જોઈએ. નિઃસંદેહ, વારે-તહેવારે થનારા પરીક્ષા ગોટાળા ન માત્ર શૈક્ષણિક સંસ્થાઓની વિશ્વસનીયતાને કમજોર કરે છે, પરંતુ શિક્ષણ અને કેરિયરના નાજુક વળાંક પર ઊભેલા યુવા ઉમેદવારોના ભવિષ્યને પણ પ્રભાવિત કરે છે. ભારત એક યુવાઓનો દેશ છે. એવામાં પોતાના જનસંખ્યાના લાભાંશનો સદુપયોગ કરવા માટે પ્રતિયોગી પરીક્ષાઓની શુચિતા સુનિશ્ચિત કરવી બેહદ જરૂરી છે. આ ઘટનાક્રમ બાદ સરકારે પરીક્ષા વ્યવસ્થામાં વિશ્વાસ બહાલ કરવા અને યુવાઓની આકાંક્ષાઓને આધાર આપવા માટે આ ક્ષેત્રમાં સુધારાને પ્રાથમિકતા આપવી જોઈએ. નિઃસંદેહ મેડિકલ પ્રવેશ પરીક્ષા મામલાના નિકાલમાં સુપ્રીમની સક્રિયતાની પ્રશંસા કરવી જોઈએ. મોટી સંખ્યામાં અરજીઓ પરીક્ષા ફરીથી કરાવવા માટે દાખલ કરાયેલી હતી તેમ છતાં લાખો છાત્રોના હિત અને સમયની જરૂરિયાત અનુસાર કોર્ટે તાર્કિક ચુકાદો આપ્યો. જેમાં એ વાત પર ધ્યાન આપવામાં આવ્યું કે કોઈ ગરબડથી પરીક્ષા કેટલી હદ સુધી પ્રભાવિત થઈ છે. કોર્ટે આ બાબત ઠોસ અને તાર્કિક પક્ષને પ્રાથમિકતા આપી. સાથે જ પરીક્ષાના સામાજિક પક્ષોને પણ ધ્યાનમાં રાખ્યાં. નિશ્ચિતપણે જે અભ્યર્થીઓની પસંદગી થઈ ગઈ હતી, તેમને ફરી પરીક્ષા આપવા મજબૂર કરવા ન્યાયોચિત ન કહી શકાય. આ મામલે સીબીઆઈ દ્વારા તત્પરતાથી કરવામાં આવેલ કાર્યવાહી અને શંકાસ્પદોની ધરપકડ એ લોકોમાં ભય પેદા કરશે, જે લાંબા સમયથી પરીક્ષા લીકના કાળા ધંધામાં પડેલા હતા. દેખીતું છે કે શાસન-પ્રશાસનની સક્રિયતા, સખ્તાઈ અને સમય રહેતાં કાર્યવાહી કોઈપણ ક્ષેત્રમાં શુચિતા સ્થાપિત કરવામાં સહાયક બની શકે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

બીજાની બુરાઈ કરવાનું છોડી દો, બધાય તમારા વશમાં થઈ જશે. - અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. મોહરમ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, અષાઢ વદ-૧૦, તા.૩૦ જુલાઈ ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૨૩, કૃતિકા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૧, સૂ.અ.૭:૩૩

આજનો દિવસ સવારે ૧૦:૨૨ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આયોજનમાં સફળતા
વૃષભ:શેર-સટ્ટા વગેરેથી દૂર રહેવું હિતાવહ. નોકરીમાં સફળતા.
મિથુન:મિલન-મુલાકાતમાં વિઘ્ન આવે. મનમાં અશાંતિ અનુભવાય.
કર્ક: અગત્યના કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
સિંહ: પ્રવાસ-મુસાફરી આનંદદાયક રહે. ધીરજના ફળ મીઠા મળે.
કન્યા: પ્રવાસમાં વિઘ્ન. પારિવારીક મતભેદ સર્જાવવાની સંભાવના.
તુલા: સમાધાનકારી વલણ અપનાવવું. સાહસિક કાર્યથી દૂર રહેવું.
વૃશ્ચિક:નવિન તક ઉન્નતિ તરફ જાય. મનમાં પ્રફુલિતતા અનુભવાય.
ધન: વ્યર્થ ક્રોધ અનુભવાય. મનમાં મૂંઝવણ રહે.
મકર: નાણાંભીડનો અનુભવ થાય. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કુંભ: પડવા-વાગવાથી સંભાળવું. વિલંબથી કાર્ય સફળતા.
મીન: જીવસાથીથી વાણી ઘર્ષણ થાય. કોર્ટના કાર્યમાં સફળતા મળે.

# કોડીનારના વાલાદર ગામે જમીનના ગેરકાયદેસર કબ્જો કરનાર મોરૂકાની ૧ મહિલા સહિત ૯ સામે જિલ્લા કલેકટરે ફરિયાદના આદેશ કર્યો

## પોલીસે લેન્ડ ગ્રેબિંગની કલમો નોંધી ગુનો દાખલ કરતા ચકચાર મચી ગઈ છે

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૩૦

કોડીનાર તાલુકાના વલાદર ગામના એક ખેડૂતની જમીન સર્વે નંબર ૧૦ તથા ૧૧ની મળીને કુલ ચાર હેક્ટર ઉપરાંતની જમીન ઉપર તાલાલા તાલુકાના મોરૂકા ગામના ૯ જેટલા શખ્સોએ છેલ્લા પાંચ માસથી બિનઅધિકૃત અને બળજબરીથી કબજો કરેલ હોય આ અંગે વલાદર ગામના ખેડૂતે જિલ્લા કલેકટરને ગત તા. ૨૪-૨-૨૪ ના રોજ કરેલી અરજી અન્વયે કલેકટરએ અરજીના તમામ ગુણદોષો ચકાસીને બિનઅધિકૃત કબજો કરેલા લોકો સામે પોલીસમાં ફરિયાદ કરવા આદેશ કરતા પોલીસે એક મહિલા સહિત નવ લોકો સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદાની કલમ ૪(૩)ŒT 5(e) તથા i.p.c.કલમ ૫૦૪,૫૦૬ (બે) મુજબ પોલીસે ગુનો દાખલ કરતા ચકચાર મચી ગઈ છે. બનાવ અંગેની વિગત એવી છે કે મૂળ વલાદર ગામના અને હાલ કોડીનાર ખાતે રહેતા નરેન્દ્રસિંહ જોરુભા ઝાલાની વલાદર ગામની સરવે નંબર ૧૦ તથા ૧૧ ની મળીને કુલ ચાર હેક્ટર જમીન ઉપર છેલ્લા પાંચેક માસથી તાલાલા ગીર ના મોરૂકા ગામના જિગાભાઈ ભગાભાઈ પરમાર ગીરીશભાઈ મેઘાભાઈ પરમાર, હસમુખ ઉર્ફે મનસુખ લાખાભાઈ પરમાર શામજીભાઈ તેજાભાઈ પરમાર મેઘાભાઈ વસાભાઈ પરમાર, સુમલબેન લાખાભાઈ પરમાર, રાહુલભાઈ ઝીણાભાઈ પરમાર, પ્રવીણભાઈ ઝીણાભાઈ પરમાર તથા ભગાભાઈ જીવાભાઈ પરમાર રહેવાસી બધાએ મોરૂકા વાળાએ છેલ્લા પાંચ મહિના પહેલા આ બંને ખેતરો ઉપર કબજો જમાવીને ખેતરમાં રહેલા આંબા ઉપરની કેરી તથા ખેતરમાં ઉગેલા ઘઉંના પાકનું વેચાણ કરીને ખેતરમાં ગેરકાયદેસર કબજો કર્યા અંગેની ફરિયાદ કરી હતી નરેન્દ્રસિંહ ઝાલાએ સર્વે નંબર ૧૧ વાળી જમીન અને ૨૦૦૪ માં તથા સર્વે નંબર ૧૦ વાળી જમીન ૨૦૧૬ માં ખરીદ કરી હતી અને તેનો કબજો પણ તેની પાસે હતો બાદ આ જમીન જેમની પાસેથી ખરીદ કરી હતી તેના માલિક તથા વારસો એજે ઉપરના તમામ આરોપીઓએ આશરે પાંચેક મહિના પહેલા ગેરકાયદેસર રીતે આ ખેતરનો કબજોબ કર્યો હતો જે અંગેની નરેન્દ્રસિંહ ઝાલાએ જિલ્લા કલેકટરને કરેલી ફરિયાદ બાદ આ તમામ સામે લેન્ડગ્રેબિંગનો ગુનો દાખલ કરવામાં આવતા આ ગુના ની તપાસ DYSP ચૌધરી દ્વારા હાથ ધરી મેઘાભાઈ જીવાભાઈ પરમાર, ભગાભાઈ જીવાભાઈ પરમાર અને રાહુલભાઈ જીણાભાઈ પરમાર ની ધરપકડ કરી બાકી ના ફરાર આરોપીઓ ને પકડવા ચક્રો ગતિમાન કરતા ચકચાર મચી ગઈ છે.

# વર્લ્ડ માસ્ટર ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં કાંસ્યચંદ્રક મેળવી કેશોદનું ગૌરવ વધાર્યું



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૩૦

કેશોદમાં આઝાદી સમયમાં સ્થાપના કરવામાં આવેલ આઝાદ કલબ વર્ષોથી રમતગમત ક્ષેત્રમાં હર હંમેશ અગ્રેસર રહેલ છે. તાજેતરમાં રોમ ખાતે વર્લ્ડ માસ્ટર ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં કેશોદના વેપારી અગ્રણી અને આઝાદ કલબના ટ્રસ્ટી હરીશભાઈ ચાંદ્રાણી આંતરરાષ્ટ્રીય કક્ષાએ રોમ દેશ ખાતે ટેબલ ટેનિસ રમતમાં પોતાનું કૌવત બતાવી ભારત દેશ વતી ગરવી ગુજરાતના અને આઝાદ ક્લબ કેશોદનું ગૌરવ વધારી કાંસ્યચંદ્રક મેળવ્યો છે. આઝાદી સમયથી કેશોદ શહેરમાં સામાજિક, શૈક્ષણિક,સેવાકીય અને જેના પાયામાં રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા આ ભાવનાને ઉજાગર કરતા આઝાદ કલબના ટ્રસ્ટી હરીશભાઈ ચાંદ્રાણી બાળકો, યુવાઓ અને બુજુર્ગો સૌ માટે એક પ્રેરણાની મિશાલ છે. આ યુગ દરેક વય માટે તંદુરસ્તી અને ફિટનેસનો યુગ છે એવું વર્લ્ડ માસ્ટર ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં કાંસ્યચંદ્રક મેળવી હરીશભાઈ ચાંદ્રાણીએ સાબિત કરી બતાવ્યું છે. કેશોદ શહેરના મધ્યમાં સ્થાપિત આઝાદ કલબ સાથે કેશોદના નામાંકિત ડોક્ટર્સ ગ્રુપ, વેપારી ગણ, શિક્ષક મિત્રો, વકીલમિત્રો, રાજકીય અને સામાજિક અગ્રણીઓ તથા શહેરનાં નામાંકિત લોકો જોડાયેલા છે. હરીશભાઈ ચાદ્રાણીએ આઝાદ કલબ પરિવાર અને કેશોદને ગૌરવ અપાવ્યું હોય પ્રમુખ હમીરસિહ વાળા, ડોક્ટર નરેશ કાનાબાર, ડોક્ટર રાજેશ સાંગાણી, ડોક્ટર પ્રજ્ઞેશ ધનેશા, દિનેશભાઈ કાનાબાર, મહાવીરસિંહ જાડેજા, આર.પી. સોલંકી સહિત ટ્રસ્ટી મંડળ અને હોદ્દેદારોએ શુભેચ્છા પાઠવી અભિનંદન પાઠવ્યા હતાં.

# ભારે વરસાદની સ્થિતિ અંગે કલ્યાણપુર તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ જાત નિરીક્ષણ કરતા સાંસદ પૂનમબેન માડમ






(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૯

સાંસદ પૂનમબેન માડમે ભારે વરસાદથી અસરગ્રસ્ત કલ્યાણપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારો તથા ભાટીયા, કેનેડી, ગણેશગઢ, પાનેલી, ટંકારીયા, દેવળીયા, લાંબા સહિતના પંથકની સ્થિતિ અંગે જાત નિરીક્ષણ કરી અધિકારીઓ પાસેથી તલસ્પર્શી માહિતી મેળવી હતી. સાંસદશ્રી દ્વારા સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનો સાથે સંવાદ સાધી તેમના પ્રશ્નો સંભાળ્યા હતા. તેમજ ભારે વરસાદની સ્થિતિ બાદ જનજીવન પૂર્વવત થાય તે માટે ત્વરિત કામગીરી કરવા જિલ્લા વહીવટી તંત્રને તાકીદ કરી હતી. ઉપરાંત સાંસદ પૂનમબેન માડમ દ્વારા ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ સુચારુ રૂપે અમલીકરણ કરવા તથા અસરગ્રસ્ત વિસ્તારમાં પાણી, આરોગ્ય, સઘન સફાઈ સહિત બાબતોની તકેદારી રાખવા વહીવટી તંત્રને જરૂરી દિશા નિર્દેશ આપ્યા હતા.

અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત વેળાએ દ્વારકા પ્રાંત અધિકારી શ્રી એચ.બી.ભગોરા, તાલુકા વિકાસ અધિકારી શ્રી ગૌરવ પરમાર, મામલતદાર શ્રી આર.એચ.સુવા, અગ્રણી શ્રી સુમાતભાઈ ચાવડા, જગાભાઈ ચાવડા, નથુભાઈ ચાવડા, દેવાયતભાઈ ગોજીયા, પરબતભાઈ વરુ, પરબતભાઈ ભાદરકા, વેલાભાઈ ચોપડા, કાનજીભાઈ ડાભી, ટપુભાઈ સોનગરા, રતનશીભાઈ, વિક્રમભાઈ બેલા સહિત સ્થાનિક આગેવાનો, સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયામાં હોસ્પિટલ નજીકથી બાઈક ચોરીના દ્રશ્યો સી.સી. ટી.વી.માં કેદ : આરોપી ઝડપાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ખંભાળિયા શહેરમાં રવિવારે એક હોસ્પિટલ નજીકથી મોટરસાયકલની ચોરી થતી હોવાનો બનાવ સી.સી. ટી.વી. કેમેરામાં કેદ થયો છે. જે સંદર્ભે આરોપીની અટકાયત કરી લેવામાં આવી હતી. આ અંગેની વિગત મુજબ ખંભાળિયાના ચાર રસ્તા વિસ્તાર નજીક રવિવારે સવારના સમયે એક હોસ્પિટલની નીચેના ભાગેથી એક અજાણ્યો શખ્સ શિફતપૂર્વક ચાલાકી દાખવીને એક મોટરસાયકલ હંકારી ગયો હોવાનો બનાવ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જે અંગેના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયામાં ફરતા થયા છે. આ વચ્ચે ખંભાળિયા તાલુકાના સખપર નાગડા ગામે રહેતા અને મેડિકલના વ્યવસાય સાથે સંકળાયેલા મુકેશભાઈ વરવાભાઈ કંડોરીયા નામના ૨૯ વર્ષના યુવાને તેમનું રૂપિયા ૯૦,૦૦૦ની કિંમતનું જી.જે. ૩૭ એલ. ૮૮૪૮ નંબરનું સ્પ્લેન્ડર મોટરસાયકલ કોઈ શખ્સ રવિવારના સમયે તેમની લાઈફ લાઈન સર્જીકલ નામની દુકાનના ગેઈટ પાસેથી ચોરી કરીને લઈ ગયો હોવાની ધોરણસર ફરિયાદ ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. ત્યારે સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા બાઈક ચોરીના વિડીયો સાથે ઉપરોક્ત ચોરીનો બનાવ સંકળાયેલો હોવાનું ખુલતા પોલીસ દ્વારા કલ્યાણપુર તાલુકાના રહીશ એવા આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે.

# રાજ્યમાં શાળાઓને જાતિ, મતદાર નોંધણીની સોંપતી કામગીરી અંગે શૈક્ષણિક સંઘ દ્વારા ઉગ્ર રજૂઆતો

## જાતિના પ્રમાણપત્રો, મતદાર નોંધણીનું કામ શાળાને સોંપાય છે !!



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૦

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ કે જેમાં આચાર્ય, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ તેમજ બિન શૈક્ષણિક સ્ટાફ અને ટ્રસ્ટીઓના તમામ સંઘો જોડાયેલા છે, તેના હોદ્દેદારો દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર અને પ્રફુલભાઈ પાનસેરિયાને રૂબરૂ મળીને પડતર પ્રશ્નો અંગે તથા શાળાઓને સોંપાતા જાતિના પ્રમાણપત્રોના કામ તથા મતદાન નોંધણીના કામ અંગે રજૂઆતો કરવામાં આવી છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણ તથા સમાજ કલ્યાણ અધિકારીઓ દ્વારા જિલ્લા કલેક્ટર દ્વારા પરિપત્ર કરાવીને ધોરણ ૯ થી ૧૧ માં અભ્યાસ કરતા છાત્રોના જાતિના પ્રમાણપત્રો તથા ૧૮ વર્ષની ઉંમરવાળાનું મતદાન નોંધણી પ્રમાણપત્રનું કામ શાળાઓને સોંપવામાં આવ્યું છે. જે કામ સમાજ કલ્યાણ કચેરી તથા મામલતદાર કે તાલુકા વિકાસ અધિકારીએ કરવાનું હોય, તે કામ શાળાઓને સોંપાયું છે. અધુરામાં પૂરું હાલ શાળાઓમાં ૧૩,૦૦૦ શિક્ષકો, ૧,૫૦૦ આચાર્યો તથા ૧,૦૦૦ ક્લાર્ક અને ૧,૫૦૦ પટાવાળાની જગ્યાઓ ઘણા સમયથી ખાલી હોવાની સ્થિતિમાં છે. ત્યારે આ કામોથી બાળકોનું શિક્ષણ બગડે તેમ હોય, તાકીદે કામગીરી બંધ કરાવવા માટેની માંગ કરાઈ છે. આ ઉપરાંત ૨૦૨૨ ની સામાન્ય ચૂંટણી પહેલા જે પ્રશ્નોના નિરાકરણનો સ્વીકાર થયો હતો તે ૧ એપ્રિલ ૨૦૦૫ પહેલાં નિયુક્ત કર્મચારીને જૂની પેન્શન યોજનાનો લાભ, નવા નીમાયેલા આચાર્યને એક ઈજાફાનો લાભ, સી.પી.એફ. કર્મચારીને નિવૃત્તિ સમયે ૩૦૦ રજાનું રોકડમાં રૂપાંતર, નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવો, શાળાઓમાં કલાર્ક-પટાવાળાની ભરતી કરવી જેવા અનેક પ્રશ્નો હજુ સુધી પડતર છે, તેનો તાકીદે ઉકેલ લાવવાની પણ માંગ કરાઈ છે. આ મહત્વના પ્રશ્નોનું એક માસમાં નિરાકરણ નહીં આવે તો આંદોલન કરવાની ચીમકી પણ રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના પ્રમુખ ભાનુપ્રસાદ પટેલ તથા ભરતભાઈ ચૌધરી વિગેરેની આગેવાનીમાં મળેલા પ્રતિનિધિ મંડળ દ્વારા આપવામાં આવી છે.

# સેટેલાઈટ અને ડ્રોન ટેકનોલજીથી બનાવાઈ રહ્યા છે જૂનાગઢના હાથીખાના તથા મજેવડી દરવાજા પાસેના રોડ






જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ જિલ્લામાં પડેલા વરસાદને કારણે હલકી કક્ષાના રસ્તાઓનું બધેજ ધોવાણ થઈ ગયેલું જોવા મળી રહ્યું છે. સાથે સાથે જૂનાગઢ શહેરમાં પાણી ભરાવા અને ગટર જામ તથા ઉભરાવાની ઘટનાઓ એ પ્રીમોન્સુન કામગીરી સામે પ્રશ્નાર્થ ઊભા કર્યા છે. જૂનાગઢ શહેર માં હાલ વરસાદે વિરામ લેતાં પ્રશાસન પોતાના પાપ છુપાવા ઠેર ઠેર પડી ગયેલા મસ મોટા ગાબડાં પૂરવા માટે મકાનના કાટમાળનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મસમોટા વેરા વસૂલવા છતાં જૂનાગઢ ની જનતા ને સારી સુવિધા પૂરી ન પાડી શકનાર પાલિકા સામે હવે જનતા ક્યારે જાગશે તે જોવાનું રહ્યું.

# ગુજરાતી કોમેડી ફિલ્મ “ચોર ચોર” આપના નજીકના સીનેમાગૃહોમાં




અમદાવાદ તા.૩૦

રમૂજ સાથે રહસ્યનો સમન્વય એવી કોમેડી ગુજરાતી ફિલ્મ "ચોર ચોર" ગુજરાત અને મહારાષ્ટ્રના સિનેમાગૃહોમાં રિલીઝ થઈ ચૂકી છે. આ ફિલ્મમાં વિદેશ થી આવેલ અતિપ્રાચીન અને કિંમતી એક મૂર્તિ જ્યારે અલગ અલગ લોકો પાસે પહોંચે છે ત્યારે રમૂજ ઊભી થાય છે.

આ ફિલ્મ ના કલાકારોની વાત કરીએ તો વિવેકા પટેલ, રાજન રાઠોડ, સુનીલ વિસરાની, હેમાંગ શાહ, ભૂષણ ભટ્ટ, અનુરાગ પ્રપન્ના અને ભૂમિકા જેવા પ્રખ્યાત લોકો આ ફિલ્મ માં લોકોને હસાવીને લોટ પોટ કરી દેસે.

નવી દિલ્હીમાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કરી નેમ

# ગુજરાતને ૨૦૨૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન અમેરિકી ડોલરની અર્થવ્યવસ્થા બનાવાશે

## નીતિ આયોગની પેટર્ન ઉપર ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન-GRITની સ્થાપના કરાશે



ગાંધીનગર, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં આયોજિત નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સીલની નવમી બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારતજ૨૦૪૭ના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાતની સંપૂર્ણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના ધ્યેય મંત્ર સાથે રાજ્ય સરકારે ગુજરાત@2047 ડાયનેમિક ડોક્યુમેન્ટ-રોડમેપ તૈયાર કર્યો છે.

'અર્નિંગ વેલ' અને 'લિવિંગ વેલ' એમ બે મુખ્ય પિલ્લર ઉપર આધારિત આ રોડમેપ દ્વારા રાજ્યના લોકોનું જીવન સ્તરને બહેતર અને સર્વોત્તમ બનાવવાનાં અને તેમની સમૃદ્ધિને અર્થવ્યવસ્થામાં સહભાગી બનાવવાનાં લક્ષ્યો સાથે રાજ્ય સરકાર આગળ વધવા માંગે છે તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ લક્ષ્યો સુઆયોજિત અને સુવ્યવસ્થિત રીતે સિદ્ધ કરવા માટેની થિંક ટેંક તરીકે ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સ્ફોર્મેશન-GRIT (ગ્રિટ)-ની સ્થાપના કરવાની નેમ વ્યક્ત કરી હતી. વડાપ્રધાનના વિચાર મંત્ર 'ગ્યાન' એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના વિકાસને આધાર બનાવીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો સંકલ્પ ગુજરાતે કર્યો છે તેમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, દેશની જનસંખ્યાના પાંચ ટકા જેટલી વસ્તી ધરાવતા ગુજરાતે ૨૦૨૨-૨૩ના વર્ષમાં જી.ડી.પી.માં ૮.૩ ટકાનું યોગદાન આપ્યું છે. એટલું જ નહીં, દેશની અર્થવ્યવસ્થામાં પણ ગુજરાત ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન યુ.એસ. ડોલરની ઈકોનોમી બનવાની નેમ સાથે આગળ વધી રહ્યું છે. તેમણે પી.એમ. ગતિશક્તિ, આરોગ્ય, નારી ગૌરવનીતિ, અન્ન (મિલેટ), પ્રાકૃતિક ખેતી, ડિજિટલ એગ્રીકલ્ચર મિશન, એમ.એસ.એમ.ઈ., અમૃત સરોવર જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં રાજ્ય સરકારની વર્તમાન સિદ્ધિઓ અને ભવિષ્યના વિઝન માટે લેવાઈ રહેલા નક્કર આયોજનો-પગલાંઓની વિસ્તૃત ભૂમિકા આ બેઠકમાં આપી હતી.

મુખ્યમંત્રીએ કહ્યું કે, આત્મનિર્ભર ભારતથી જ વિકસિત ભારતનો માર્ગ પ્રશસ્ત થઈ શકે અને એ માટે આપણે સામુહિક પ્રયાસોથી એવા નિર્ણયો લેવા જોઈએ તથા એવી નીતિઓ બનાવવી જોઈએ જેથી આપણે વિશ્વના સૌથી મોટા મેન્યુફેક્ચરિંગ હબ બની શકીએ. તેમણે એમ પણ કહ્યું કે, આપણા ઉત્પાદનો વૈશ્વિક કક્ષાના હોય અને માત્ર દેશની સપ્લાય ચેઈનનો હિસ્સો ન બની રહે પરંતુ ગ્લોબલ સપ્લાય ચેઈનમાં પણ મહત્વપૂર્ણ ભાગીદારી કરી શકે. વડાપ્રધાને આપેલા આ વિઝન તેમજ વિકસિત ભારત માટે ગ્રીન ગ્રોથના વિચારને ગુજરાત આગળ ધપાવી રહ્યું છે, તેની વિગતો મુખ્યમંત્રીએ આપી હતી. તેમણે આ અંગે વધુમાં કહ્યું કે, જાન્યુઆરી-૨૦૨૪માં યોજાયેલી વાઈબ્રન્ટ સમિટમાં ગુજરાતે સેમિકન્ડકટર સેક્ટરમાં આત્મનિર્ભરતાની દિશામાં એક મોટું કદમ ભર્યું છે તેનો લાભ સમગ્ર દેશ અને વિશ્વને થશે. એટલું જ નહીં, ગુજરાતમાં દેશની પ્રથમ સેમિકન્ડક્ટર ચીપનું ઉત્પાદન થશે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વિકસિત ભારત@2047 માટે જરૂરી સ્કીલ ઈકોસિસ્ટમને વેગ આપવા સેમિકન્ડક્ટર્સ, બ્લોકચેઈન અને એ.આઈ. વગેરે જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં આજની યુવા પેઢીને 'મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના'ના માધ્યમથી અત્યારથી જ તાલીમબદ્ધ કરવાના પ્રયાસો ઉપર રાજ્ય સરકારે ફોકસ કર્યું છે.

# ડાબેરી વિચારધારાએ ઓલિમ્પિકને સંપૂર્ણ રીતે હાઈજેક કર્યું છે : કંગના રણૌતે ઉદ્‌ઘાટન સમારોહમાં ડ્રેગ એક્ટના પ્રદર્શનની નિંદા કરી

## તાજેતરમાં હિમાચલ પ્રદેશના મંડીથી ભાજપની ટિકિટ ઉપર લોકસભામાં ચૂંટાયેલ કંગના રણૌતે પ્રદર્શનમાં બાળકનો સમાવેશ કરવા બદલ આયોજકોની ટીકા કરી હતી

નવી દિલ્હી, તા.૩૦

અભિનેત્રી અને રાજકારણી કંગના રણૌતે પેરિસ ઓલિમ્પિકના આયોજકોની ઉદ્‌ઘાટન સમારંભમાં એક એક્ટનો સમાવેશ કરવા બદલ ટીકા કરી હતી જેમાં લિયોનાર્ડો દા વિન્સીની 'ધ લાસ્ટ સપર' પેઈન્ટિંગની પેરોડી રજૂ કરતી ડ્રેગ ક્વીન્સ દર્શાવવામાં આવી હતી. આ ઓલમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે ૧૧૭ એથ્લેટ્સ મોકલવામાં આવ્યા છે, અને શુક્રવારે સાંજે ફ્રાન્સની રાજધાનીમાં એક ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ સાથે આ ઓલમ્પિક ખેલો શરૂ થયા છે. આયોજકોને ૧૮ કલાકારો દર્શાવતા ડ્રેગ એક્ટ માટે સોશિયલ મીડિયા ઉપર નોંધપાત્ર ટીકાનો સામનો કરવો પડ્યો હતો, જેમાં ત્રણ જાણીતી ડ્રેગ રેસ ફ્રાન્સ ક્વીન્સનો સમાવેશ થાય છે, જેમાં સીન નદી અને એફિલ ટાવર પાસે લાંબા ટેબલ પાછળ પોઝ આપ્યા હતા. આ ટેબલ ઉપર એક જંગી સર્વિંગ ટ્રે સાથે એક ઓછા વસ્ત્રો પહેરેલ માણસ હતો. ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ ઉપરની એક પોસ્ટમાં, રણૌતે આ કૃત્યની 'ધ લાસ્ટ સપર'ની 'હાયપરએસકસ્યુલાઈઝ્ડ, નિંદાપૂર્ણ રજૂઆત' તરીકે ટીકા કરી હતી. આ વિશ્વની સૌથી પ્રખ્યાત કલાકૃતિઓમાંની એક છે જે જેરૂસલેમમાં તેમના ભક્તો સાથે ઈસુના વધસ્તંભ પહેલાં છેલ્લા ભોજનને દર્શાવે છે. હિમાચલ પ્રદેશના મંડીમાંથી તાજેતરમાં જ લોકસભામાં ચૂંટાયેલા રણૌતએ આ પ્રદર્શનમાં બાળકને સામેલ કરવા બદલ આયોજકોની ટીકા કરી હતી. તેણીએ કહ્યું કે, તેઓએ એક નગ્ન માણસને પણ બતાવ્યો, જેણે ઈસુના રૂપમાં પોઝ આપ્યો અને ખ્રિસ્તી ધર્મની મજાક ઉડાવી છે. ડાબેરીઓએ ઓલિમ્પિક્સ ૨૦૨૪ને સંપૂર્ણપણે હાઈજેક કરી લીધું છે અને તે શરમજનક છે. રનૌતે જણાવ્યું હતું કે, હું સમલૈંગિકતાની વિરૂદ્ધ નથી, પરંતુ ઓલિમ્પિક્સ કોઈપણ જાતીયતા સાથે કેવી રીતે સંબંધિત હોય શકે છે ? શા માટે રમતો, રમતગમતમાં તમામ રાષ્ટ્રોની ભાગીદારીમાં સેક્સ દ્વારા માનવ શ્રેષ્ઠતા દર્શાવવામાં આવી રહી છે ? સેક્સ આપણા બેડરૂમમાં કેમ રહી શકતું નથી ? શા માટે તે આંતરરાષ્ટ્રીય હોવું જોઈએ ? આ વિચિત્ર વાત છે !! આ અગાઉ અબજોપતિ એલોન મસ્કે X ઉપર એક પોસ્ટમાં આ પ્રદર્શનની ટીકા કરી હતી અને તેને ખ્રિસ્તીઓ માટે અત્યંત અનાદર ગણાવ્યું હતું. પેરિસ ઓલિમ્પિક ૧૧ ઓગસ્ટ સુધી ચાલશે.

# ૫૦ દિવસોથી અંતરિક્ષમાં ફસાયેલાં સુનિતા વિલિયમ્સ પૃથ્વીથી કેટલાં દૂર ?



નવી દિલ્હી, તા.૩૦

ભારતીય મૂળના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સની પૃથ્વી ઉપર વાપસી મુશ્કેલ થતી જઈ રહી છે. તે ૧૪ જૂન ૨૦૨૪ના રોજ પરત ફરવાના હતા, પરંતુ ટેક્નિકલ ખામીના કારણે તે છેલ્લા ઘણા દિવસોથી અંતરિક્ષમાં અટકી રહ્યા છે. નાસાના બોઈંગ સ્ટારલાઈનર અવકાશયાનમાં આ ખરાબીને કારણે સુનિતા વિલિયમ્સ અને તેમની સાથે આવેલા અન્ય એક અવકાશયાત્રી બુશ વિલ્મોર નાસાના આ મિશન ઉપર અટવાઈ ગયા છે. બુશ અને સુનિતા વિલિયમ્સની વાપસી ૯થી વધુ વખત મુલતવી રાખવામાં આવી છે. બોઈંગ કેપ્સૂલમાં ખામીના કારણે બંને અવકાશયાત્રીઓની વાપસી મુશ્કેલ બની રહી છે. જણાવી દઈએ કે નાસાનું આ એક સપ્તાહનું મિશન જૂનના મધ્યમાં સમાપ્ત થવાનું હતું, પરંતુ હવે ૪૦ દિવસથી વધુ સમય વીતી ગયો છે અને બંને વૈજ્ઞાનિકો હજી સુધી પૃથ્વી ઉપર પાછા ફર્યા નથી. બુશ વિલમોર યુએસ નેવીના નિવૃત્ત કેપ્ટન છે જે ૨૦૦૦માં નાસાની અવકાશયાત્રી ટીમમાં જોડાયા હતા. તેમણે ૧૯૯૦ના દાયકા પહેલા અમેરિકન ગલ્ફ વોરમાં ૨૧ લડાકુ વિમાનો સહિત એરક્રાફ્ટ કેરિયર ડેક પરથી લડાકુ વિમાનો ઉડાડતા ચાર ઓપરેશનલ ડિપ્લોયમેન્ટ પુરા કર્યા છે. તેમણે નેવી માટે ટેસ્ટ પાઈલટ અને ફ્લાઈટ ઈન્સ્ટ્રક્ટર તરીકે પણ સેવા આપી છે. થ્રસ્ટર ફેલ્યોર અને હિલિયમ લીકના કારણે સ્ટારલાઈનરમાં ખરાબી આવી છે અને ફરી એકવાર નાસા અને બોઈંગના બંને અવકાશયાત્રીઓની વાપસીને સ્થગિત કરવી પડી છે. સતત ચાલી રહેલી તપાસ અને ટેસ્ટિંગ છતાં હજુ સુધી સ્ટારલાઈનરની વાપસી માટે કોઈ તારીખ આપવામાં આવી નથી. નાસાનું પહેલું લક્ષ્ય વિલમોર અને સુનિતા વિલિયમ્સને સ્ટારલાઈનર ઉપરથી પાછા લાવવાનું છે. અમેરિકાની સ્પેસ એજન્સી નાસાએ પણ સ્વીકાર્યું છે કે એજન્સી સ્પેસએક્સની ડ્રેગન કેપ્સ્યુલ્સને બેકઅપ વિકલ્પ તરીકે ઉપયોગ કરવા ઉપર વિચાર કરી રહી છે. નાસાના કમર્શિયલ ક્રૂ પ્રોગ્રામ મેનેજર સ્ટીવ સ્ટિચે જણાવ્યું હતું કે મિશન મેનેજર્સ આ સમયે રિટર્ન ડેટ જાહેર કરવા તૈયાર નથી. સ્ટીચે એપીને જણાવ્યું હતું કે જ્યારે અમે તૈયાર થઈશું ત્યારે અમે ઘરે આવીશું. નાસા પાસે હંમેશા ઈમરજન્સી વિકલ્પો હોય છે.

# ગુજરાત હાઈકોર્ટે ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષાઓ ઉપર ૮મી ઓગસ્ટ સુધી રોક લગાવી

અમદાવાદ,તા.૩૦

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજવામાં આવતી પરીક્ષાઓ અવાર-નવાર કોઈ ને કોઈ કારણોસર મોકૂફ રાખવામાં આવતી હોય છે, ત્યારે ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષાને લઈને સૌથી મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગૌણ સેવા મંડળના લઘુત્તમ ૪૦ ટકા માર્કસ લાવવાના નિયમ પર એક ઉમેદવારે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં ગુજરાત હાઈકોર્ટે ૮મી મે ૨૦૨૪ના રોજ નોટિસ જાહેર કરીને પ્રતિવાદી ગૌણ સેવા પસંદગી મંડળને રાજ્ય સરકારની નીતિ સમજાવવા માટે આદેશ કર્યો હતો. ગૌણ સેવા પસંદગી મંડળે કયા આધારે લઘુત્તમ લાયકાત માપદંડ તરીકે ૪૦ ટકા નક્કી કર્યા છે. હાઈકોર્ટમાં કેસમાં (૬ વાર) તારીખો પડી હોવા છતાં ગૌણ સેવા મંડળે પોતે જવાબ આપ્યો ન હતો. જેથી ૨૫-જુલાઈના રોજ જસ્ટિસે જાહેરાત નંબર ૨૧૩થી ૨૨૪ સુધીની તમામ ભરતી પ્રક્રિયાઓ ૮મી ઓગસ્ટ સુધી સ્થગિત કરવાનો આદેશ આપ્યો હતો. તેથી આગળની ભરતી પ્રક્રિયા પછી જાણી શકાશે. હાલમાં સર્વેયર, વર્ગ૩,આયોજન મદદનીશ, વર્ગ-૩, સર્વેયર, વર્ગ-૩, કાર્ય સહાયક, વર્ગ-૧, ઓક્યુપેશનલ થેરાપિસ્ટ, વર્ગ-૩,વધ્ધીકરણ ટેકનિશિયન, વર્ગ-૩, કન્યા ટેક્નિકલ સહાયક, વર્ગ-૩, ગ્રાફિક ડિઝાઈનર, વર્ગ૩, મશીન ઓવરશીયર, વર્ગ૩,વાયરમેન વર્ગ-૩,જુનિયર પ્રોસેસિંગ આસિસ્ટન્ટ, વર્ગ-૩ વગેરે પરીક્ષાઓ હવે હોલ્ડ ઉપર છે. હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું છે કે આટલી બધી મુલતવી રાખવા છતાં પ્રતિવાદી દ્વારા કોઈ જવાબ દાખલ કરવામાં આવ્યો નથી.

# ભાજપ સરકારની કાયમી શિક્ષકને બદલે કોન્ટ્રાક્ટ પ્રથાવાળી યોજના ગેરકાયદે : કોંગ્રેસ

## શાળાઓમાં શિક્ષકોની ભરતી અંગે મૌખિક જાહેરાતને બદલે સત્તાવાર જાહેરનામું બહાર પાડવા કોંગ્રેસની મુખ્યમંત્રી સમક્ષ માંગ

અમદાવાદ, તા.૩૦

ગુજરાતની પ્રાથમિક/ માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી અંગે મૌખિક જાહેરાતને બદલે સત્તાવાર જાહેરનામું બહાર પાડવા અને રાજ્યમાં શિક્ષકોની ખાલી જગ્યાને ધ્યાને લઈ વધુમાં વધુ શિક્ષકોની ભરતી પ્રક્રિયા બે માસમાં પૂર્ણ કરવા મુખ્યમંત્રી સમક્ષ માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, RTE રૂલ્સ બન્યા પછી ત્રણ વર્ષમાં શિક્ષકોની ભરતી ખાસ કરીને ધો-૬થી ૮માં વિષયવાર શિક્ષકોની ભરતી અને માળખાકીય સુવિધા પૂરી કરવાની જવાબદારી રાજ્ય સરકારની બને છે પણ રાજ્ય સરકાર દ્વારા બાર વર્ષ જેટલો લાંબો સમય વિતી ગયા છતાં કાયદાનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું નથી. રાજ્યમાં ૪૦,૦૦૦ કરતા વધુ શિક્ષકોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. માળખાકીય સુવિધાની દૃષ્ટિએ ૩૮,૦૦૦ જેટલા વર્ગ ખંડોની ઘટ છે. જે વર્ગખંડો છે તેમાં પણ મોટી સંખ્યામાં વર્ગખંડો જર્જરીત છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાન સહાયક યોજના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક માટે ૧૧ મહિનાના કરાર (કોન્ટ્રાક્ટ)થી નિમણૂક કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું. ભાજપ સરકાર દ્વારા કાયમી શિક્ષકને બદલે કોન્ટ્રાક્ટ પ્રથા દાખલ કરવાની યોજના ગેરબંધારણીય અને ગેરકાયદેસર છે. શિક્ષણ વિભાગ દ્વારા કાયમી શિક્ષકોની ભરતી કરવાને બદલે જ્ઞાન સહાયક માટે પુર્નઃ જાહેરાત આપવામાં આવી છે. ટેટ-ટાટ પાસ થયેલ હજારો ગુજરાતના યુવાન-યુવતીઓ કાયમી ભરતીના સ્વપ્ન જોઈ રહ્યા છે પણ સરકાર દ્વારા કરાર આધારિત જ્ઞાન સહાયકની ભરતી જાહેર કરવું કેટલા અંશે વ્યાજબી ? તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, કાયમી શિક્ષકોની ભરતી માટે જ્યારે જ્યારે વ્યાપક રજૂઆતો થાય છે ત્યારે આક્રોશ ઠંડો પાડવા શિક્ષણમંત્રી દ્વારા વિધાનસભા ગૃહમાં અને સમૂહ માધ્યમોમાં મૌખિક જાહેરાતો કરવામાં આવે છે પણ મૌખિક જાહેરાત મુજબ સત્તાવાર ભરતી કરવામાં આવતી નથી. તાજેતરમાં પાંચ-પાંચ વર્ષથી શિક્ષક બનવા માટે રાહ જોઈ રહેલા ગુજરાતના ટેટ-ટાટ પાસ યુવાનોએ તાત્કાલિક ભરતી પ્રક્રિયા હાથ ધરવાની માંગ સાથે ગાંધીનગરમાં આક્રોશ સાથે પ્રદર્શન કર્યું ત્યારે ફરી એકવખત ભરતી પ્રક્રિયા માટે મૌખિક જાહેરાત કરવામાં આવી જેને અનેક દિવસો વિતી ગયા છતાં આજ દિન સુધી સરકાર દ્વારા સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું નથી. જે ગુજરાતના યુવાન-યુવતિઓ સાથે વધુ એક છેતરપીંડી છે. રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ ગુજરાતના યુવાન-યુવતિઓ સાથે રમત રમવાનું બંધ કરે. પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ઓછી ફીના કારણે ગરીબ-સામાન્ય-મધ્યમ વર્ગના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતા હોય છે. તેમને શિક્ષકો વિના અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે જે ઘણી જ ગંભીર બાબત છે. રાજ્યનો શિક્ષણ વિભાગ જે રીતે એક પછી એક પગલા/યોજના જાહેર કરી રહી છે તેનાથી શિક્ષણ વ્યવસ્થા સુધારાને બદલે વધુ નુકસાનકારક સાબિત થઈ રહ્યું છે. ત્યારે તાજેતરમાં શિક્ષણ મંત્રીશ્રી દ્વારા મૌખિક જાહેર કરેલ ભરતી અંગે તાત્કાલિક સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવે. રાજ્યમાં શિક્ષકોની ખાલી જગ્યાઓને ધ્યાને લઈ વધુમાં વધુ સંખ્યાનો સમાવેશ કરવામાં આવે અને વિદ્યા સહાયક, શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા બે મહિનાની સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે જેથી વર્ગખંડમાં શિક્ષક ઉપલબ્ધ થાય અને ગુજરાતના બાળકોને શિક્ષણ મળી શકે. તેમ તેઓએ મુખ્યમંત્રી સમક્ષ માંગ કરી છે.

# પૂર-વરસાદથી તબાહીની સ્થિતિ, પહાડો ઉપર કાળ બન્યો વરસાદ

નવી દિલ્હી, તા.૩૦

પહાડો ઉપર આફતનો વરસાદ વરસી રહ્યો છે તો મેદાની વિસ્તારોમાં પણ હવે મેઘમહેર મેઘકહેરમાં ફેરવાઈ ગઈ છે. કેમ કે અનરાધાર વરસાદના કારણે ૩ રાજ્યમાં નદીઓ ગાંડીતૂર બની છે તો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આવું અમે એટલા માટે છે કેમ કે ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ જેવા પહાડી રાજ્યોમાં ભારે વરસાદ લોકોની મુશ્કેલી વધારી રહ્યો છે તો મેદાની પ્રદેશોના ૩ રાજ્યોમાં પણ અનરાધાર વરસાદે જનજીવન ઉપર બ્રેક મારી દીધી છે જેમાં ૧. મધ્યપ્રદેશ ૨. છત્તીસગઢ ૩. મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. સૌથી પહેલાં વાત કરીશું છત્તીસગઢની અહીંયા ધારચુલા ડેમ વિસ્તારના ગણેશપુર ગામમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે ૨૦૦ જેટલાં પરિવારોને ભારે અસર થઈ છે. જો કે SDRF અને NDRFની ટીમે ઘટનાસ્થળે પહોંચીને તમામ લોકોનું રેસ્ક્યુ ઓપરેશન કર્યુ અને તેમને સુરક્ષિત સ્થળે પહોંચાડ્યા. આ તરફ મધ્યપ્રદેશના ભોપાલમાં પણ વરસાદે લોકોની મુશ્કેલી વધારી દીધી છે. ભારે વરસાદના કારણે રસ્તા ઉપર પાણી ભરાઈ ગયા છે. જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ભારે વરસાદના કારણે વારણા નદી બેકાંઠે વહી રહી છે. નદીમાં પાણીનો પ્રચંડ પ્રવાહ વહી રહ્યો છે. જેના કારણે લોકોને નદીના પાણી નીચાણવાળા વિસ્તારોમાં ઘૂસી જવાનો ભય સતાવી રહ્યો છે. સ્થાનિક તંત્રના અધિકારીઓએ નદીકાંઠા વિસ્તારોમાં લોકોને સતર્ક રહેવાની ચેતવણી આપી છે. આ તરફ ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં થઈ રહેલા સતત વરસાદથી હરિદ્વાર અને ઋષિકેશમાં ગંગા નદીનું વિકરાળ રૂપ જોઈને લોકો ડરી ગયા છે.

# સરકાર કહે છે કે, દેશમાં સર્વાઈકલ કેન્સર માટે ૪.૭૧ કરોડ મહિલાઓની તપાસ કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૩૦

નેશનલ નોન-કમ્યુનિકેબલ ડિસીઝ (NCD) પોર્ટલ અનુસાર દેશમાં કુલ ૪.૭૧ કરોડ મહિલાઓની સર્વાઈકલ કેન્સર માટે તપાસ કરવામાં આવી છે. સ્વાસ્થ્ય રાજ્ય મંત્રી પ્રતાપ્રપ જાધવે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ વાત કહી. તેમણે એમ પણ જણાવ્યું કે, સર્વાઈકલ કેન્સર તપાસ માટે વિઝ્યુઅલ ઈન્સ્પેક્શન વિથ એસિટિક એસિડ (VIA)થી HPV DNA ટેસ્ટિંગ ઉપર સ્વિચ કરવાનું હાલમાં સરકાર દ્વારા વિચારણા હેઠળ નથી. જાધવે જણાવ્યું હતું કે, સામાન્ય કેન્સર (મૌખિક, સ્તન અને સર્વાઈકલ) સહિત સામાન્ય NCDનું સ્ક્રીનિંગ આયુષ્માન આરોગ્ય મંદિરો હેઠળ સેવા વિતરણનો એક અભિન્ન ભાગ છે. ૯ જુલાઈ, ૨૦૨૪ સુધીમાં સમગ્ર ભારતમાં ૧,૭૩,૫૪૬ આયુષ્માન આરોગ્ય મંદિરો કાર્યરત થયા છે. જૂન ૨૦૨૨માં રસીકરણ પર રાષ્ટ્રીય તક્નિકી સલાહકાર જૂથ (NTAGI)એ ૯થી ૧૪ વર્ષની વય જૂથની છોકરીઓ માટે યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામમાં HPV રસી દાખલ કરવાની ભલામણ કરી હતી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન (NHM)ના ભાગ રૂપે બિન-સંચારી રોગોના નિવારણ અને નિયંત્રણ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ (NP-NCD) હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તક્નિકી અને નાણાકીય સહાય પૂરી પાડે છે, જે રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો તરફથી પ્રાપ્ત દરખાસ્તોના આધારે અને સંસાધનોની ઉપલબ્ધતાને આધીન છે. આ કાર્યક્રમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા, માનવ સંસાધન વિકાસ, આરોગ્ય પ્રમોશન અને કેન્સર નિવારણ, પ્રારંભિક નિદાન, વ્યવસ્થાપન અને કેન્સર સહિત બિન-સંચારી રોગો (NCDs)ની સારવાર માટે યોગ્ય સ્તરની આરોગ્યસંભાળ સુવિધા માટે રેફરલ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે.

NHM હેઠળ ડાયાબિટીસ, હાયપરટેન્શન અને ત્રણ સામાન્ય કેન્સર (મૌખિક કેન્સર, સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સર)ની રોકથામ, નિયંત્રણ અને સ્ક્રીનિંગ માટે વસ્તી આધારિત પહેલ શરૂ કરવામાં આવી છે અને દેશમાં વ્યાપક પ્રાથમિક આરોગ્ય સંભાળના ભાગરૂપે કરવામાં આવી છે. પહેલ હેઠળ ૩૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓને ત્રણ સામાન્ય કેન્સર માટે તેમની તપાસ માટે લક્ષિત




કરવામાં આવે છે. આ સામાન્ય કેન્સરનું સ્ક્રીનિંગ આયુષ્માન આરોગ્ય મંદિરમાં સેવા વિતરણનો એક અભિન્ન ભાગ છે. પ્રશિક્ષિત ફ્રન્ટલાઈન કાર્યકરો દ્વારા નિવારણ, નિયંત્રણ અને સ્ક્રીનિંગ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.


આરોગ્ય સંશોધન વિભાગે માહિતી આપી છે કે, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેન્સર પ્રિવેન્શન એન્ડ રિસર્ચ (NICPR)એ ૨૦૧૯થી કેન્સર સ્ક્રીનિંગની તાલીમ માટે નિયુક્ત નોડલ કેન્દ્ર છે અને કોલપોસ્કોપીની તાલીમ માટે નોડલ તાલીમ કેન્દ્ર અને ઈન્ડિયન સોસાયટી ઓફ કોલપોસ્કોપી એન્ડ સર્વિકલ પેથોલોજી (ISCCP) છે. કેન્સર સ્ક્રિનિંગમાં ગાયનેકોલોજિસ્ટ, મેડિકલ ઓફિસર, ડેન્ટિસ્ટ, નર્સ અને આશા સહિત ૨૦૦૦થી વધુ હેલ્થકેર પ્રોવાઈડર્સને તાલીમ આપી છે અને રાજ્ય સરકારો સાથે સહયોગ કરવાનું ચાલુ રાખે છે. સામુદાયિક સ્તરે સુખાકારી પ્રવૃત્તિઓ અને લક્ષિત સંચારને પ્રોત્સાહન દ્વારા આયુષ્માન આરોગ્ય મંદિર યોજના દ્વારા વ્યાપક પ્રાથમિક આરોગ્યસંભાળ હેઠળ નિવારક પાસાને મજબૂત બનાવવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું, કેન્સર વિશે જનજાગૃતિ વધારવા અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટેની અન્ય પહેલોમાં રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ (૭મી નવેમ્બર) અને વિશ્વ કેન્સર દિવસ (૪ ફેબ્રુઆરી)નું અવલોકન અને સતત સમુદાય જાગૃતિ માટે પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયાનો ઉપયોગ શામેલ છે. મંત્રીએ જણાવ્યું હતું, NP-NCD, NHM હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા તેમની પ્રોગ્રામ અમલીકરણ યોજનાઓ અનુસાર હાથ ધરવામાં આવનાર કેન્સર પ્રત્યે જાગૃતિ પેદા કરવાની પ્રવૃત્તિઓ માટે નાણાકીય સહાય આપે છે.

# ગુજરાતમાં સાત મહિનામાં ઘરગથ્થું PNG ગેસ-જોડાણ પોણા બે લાખ વધ્યા

ગાંધીનગર, તા.૩૦

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર ઓગસ્ટ ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં ગુજરાતમાં PNG કનેક્શનમાં પોણા બે લાખનો વધારો થયો છે. વર્ષ ૨૦૭૦ સુધીમાં દેશના કાર્બન ઉત્સર્જનને નેટ ઝીરો કરવાના વિઝનને સાર્થક કરવાની દિશામાં, ગુજરાતની એક સક્રિય ભાગીદારી રહી છે. આ વિઝનને આગળ લઈ જવામાં, નેચરલ ગેસના બહોળા ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે અને ગુજરાતના ઘરોમાં પાઈપ્ડ નેચરલ ગેસ કનેક્શનની (PNG) સંખ્યા ઝડપથી વધી રહી છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર ઓગસ્ટ ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં ગુજરાતમાં PNG કનેક્શનમાં પોણા બે લાખનો વધારો થયો છે. જુલાઈ ૩૧, ૨૦૨૩ સુધીમાં, ગુજરાતમાં ડોમેસ્ટિક PNG કનેક્શનની સંખ્યા ૩૦,૭૮,૧૬૨ હતી જે ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪માં ૩૨,૫૩,૧૭૫ સુધી પહોંચી ગઈ છે. આ સાત મહિનામાં ૫.૬%ના વધારા સાથે કુલ ૧,૭૫,૦૧૩ કનેક્શનનો વધારો થયો છે,

# ઝારખંડ સરકારના પારસનાથ પર્વત પરના પગલાંઓ વિરૂધ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજીની સુનાવણી




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૩૦

ન્યાયમૂર્તિ સી.ટી. રવિકુમારની અધ્યક્ષતામાં એક ડિવિઝન બેન્ચ પારસનાથ પર્વતની પવિત્રતાને જાળવવા માટે ૩૧ જુલાઈએ અરજી પર સુનાવણી કરશે. આ પર્વત ઝારખંડના ગિરીડીહ જિલ્લામાં આવેલ છે. જે જૈન સમુદાય માટે સૌથી પૂજનીય તીર્થસ્થળ છે. Civil અપીલ નં. ૫૫૯૬-૫૬૦૦ of ૨૦૦૯ માં દાખલ થયેલી IA નં. ૧૫૬૮૯૧/૨૦૨૪, દર્શનાબેન નયનભાઈ શાહ દ્વારા દાખલ કરવામાં આવી છે, જે આ પવિત્ર સ્થળને અપવિત્ર કરતી પ્રવૃત્તિઓને તાત્કાલિક બંધ કરવા માટે કોર્ટના આદેશોની માંગણી કરે છે.

**પૂર્વભૂમિકા :** પારસનાથ પર્વત, જેને શિખરજી તરીકે પણ ઓળખવામાં આવે છે તે જૈનો માટે સૌથી પવિત્ર પૂજનીય સ્થળ માનવામાં આવે છે, કારણ કે ૨૪ માંથી ૨૦ તીર્થંકરો અને અનેક જૈન સાધુઓએ અહીં નિર્વાણ પ્રાપ્ત કર્યું છે. સદીઓથી, માત્ર જૈન સમુદાય જ નહીં પરંતુ વિવિધ ન્યાયિક અને વહીવટી સત્તાઓ દ્વારા પણ આ પર્વત તેની ધાર્મિક મહત્ત્વતા માટે માન્ય રહ્યો છે. જેમ અયોધ્યા હિન્દુઓ માટે, બોધગયા બૌદ્ધો માટે, સુવર્ણ મંદિર શીખો માટે, મક્કા મુસલમાનો માટે અને વેટિકન કેથોલિકો માટે પવિત્ર છે તેમ આ પર્વત જૈનો માટે પવિત્ર છે.

**અરજી:** આ અરજીમાં, દર્શનાબેન શાહ, જૈન સમુદાયના એક નિષ્ઠાવાન સભ્ય, તાજેતરમાં ઝારખંડ રાજ્ય દ્વારા કરેલી ઘણી પ્રવૃત્તિઓને પ્રકાશિત કરે છે, જે પર્વતની પવિત્રતાને જોખમમાં મૂકે છે. અરજીમાં નીચેના મુદ્દાઓને રજૂ કર્યા છેઃ

૧. **પર્યટન વિકાસ:** ઝારખંડ રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહિત થઈ વધેલી પર્યટકોની અવરજવરને કારણે પર્વત ઉપર નવા વર્ષની ઉજવણીની પિકનિક અને ખાવાપીવાની પ્રવૃત્તિઓને વેગ મળ્યો છે, જેને જૈનો દ્વારા અપવિત્ર માનવામાં આવે છે. ઝારખંડ રાજ્યએ રાજ્યમાં ૫ મુખ્ય સ્થળોએ પર્યટન વિકાસ માટે ૨૦૦૦ કરોડ રૂપિયાનો અંદાજ લગાવ્યો છે, જેમાંથી એક છે આ શિખરજી પર્વત. ઈકો-ટુરિઝમ પણ ઝારખંડ સરકારની યોજનાઓનો ભાગ છે.

૨. **રોપવે નિર્માણ:** જૈનો પરંપરાગત રીતે ખુલ્લા પગે તીર્થયાત્રાને શ્રદ્ધાનું ચિન્હ માનતા હોવાથી પર્વત પર રોપવે બનાવવા માટેના પ્રસ્તાવનો જૈન સમુદાય દ્વારા જોરદાર વિરોધ કરવામાં આવ્યો છે. અગાઉની રોપવે માટેની યોજનાઓને આવા જ વિરોધને કારણે પડતી મુકવામાં આવી હતી.

૩. અપવિત્ર માળખાઓ અને રાજકીય પ્રવૃત્તિઓ: પર્વત પર નવા માળખાઓ, જેમ કે મતદાન મથકો, વ્યાવસાયિક દુકાનો, શાળાઓ વગેરે બાંધવામાં આવી રહ્યાં છે, જે પર્વતની પવિત્રતાને ધક્કો પહોંચાડે છે.

૪. માંસાહારી ભોજન પીરસવું: પર્વત પર સ્થિત શાળાઓ વિદ્યાર્થીઓને માંસાહારી ભોજન પીરસે છે, જે જૈન સમુદાય માટે તદ્દન અસ્વીકાર્ય છે અને પર્વતની પવિત્રતા માટેની ચિંતાઓને વધારે છે.

આ ગતિવિધિઓને કાનૂની કાર્યવાહીઓ લેવા પ્રેર્યા છે.

**સુપ્રીમ કોર્ટને અરજી:** સીનિયર એડવોકેટ ડરાયસ ખંભાતા અને ગોપાલ સંકરનારાયણન દ્વારા તૈયાર કરવામાં આવેલ આ અરજીએ સુપ્રીમ કોર્ટને નીચેના આદેશો માટે માંગ કરી છે.

ઝારખંડ રાજ્યને પારસનાથ પર્વત પર ઈકો-ટુરિઝમ, માળખાઓના નિર્માણ, રોપવેના નિર્માણ અને કોઈપણ પ્રકારના બાંધકામની મંજૂરીઓ આપતા આદેશો કરવાથી રોકવા,

ઝારખંડ રાજ્યને આ પવિત્ર પર્વત પર જૈન પરંપરા અને શાસ્ત્રો - સિદ્ધાંતો મુજબ અપવિત્ર માનવામાં આવતી પ્રવૃત્તિઓ કરવાથી રોકવાનો આદેશ આપવો, અને આ પવિત્ર પર્વતની પવિત્રતાને જાળવવા માટે કાયદાકીય રીતે જરૂરી પગલાં લેવા.

આ અરજી પારસનાથ પર્વત માટે ચાલતા ૭ દાયકા લાંબા ટાઈટલના વિવાદનો એક ભાગ છે, જેની શરૂઆત ૧૯૫૩માં બિહાર રાજ્ય દ્વારા બિહાર ભૂમિ સુધારણા અધિનિયમ, ૧૯૫૦ હેઠળ સમગ્ર પારસનાથ પર્વતના વિસ્તારના અધિગ્રહણથી થઈ હતી. આ અધિનિયમ ભારતીય બંધારણના નવમી અનુસૂચિ હેઠળ આવે છે અને જૈન સમુદાયના અતિ મહત્ત્વપૂર્ણ પૂજા સ્થાન - શિખરજી પર્વતની સુરક્ષાના મૂળભૂત અધિકાર પર આક્રમણ કરે છે. દર્શનાબેન શાહ, જે મુખ્ય મામલામાં પણ એક અરજીકર્તા છે. તેઓ પવિત્ર પારસનાથ પર્વતની પવિત્રતાની રક્ષા માટે અત્યંત સમર્પિત છે. છેલ્લા ૩૦ વર્ષથી સતત ઉપવાસ કરી રહ્યા છે. ત્રણ દિવસ સુધી ફક્ત ઉકાળેલા પાણી અને ચોથા દિવસે એક વખત ભોજન લે છે.

જૈન સમુદાયને સુપ્રીમ કોર્ટ પાસે એક ન્યાયી ચુકાદાની આશા છે, જે પારસનાથ પર્વતની પવિત્રતાને જાળવી રાખશે, તેને આવતી પેઢીઓ માટે એક પૂજા સ્થાન તરીકે સંરક્ષિત કરશે અને ભારત અને વિશ્વભરમાં રહેતા લાખો જૈનોનો ભારતીય ન્યાય તંત્ર પરનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરશે.

# ઈન્ટરનેશનલ કક્ષાએ ગુજરાતનું નામ રોશન કરતા ક્રિકેટ કોચ તરીકે હનીફ કુરેશી તથા વિનોદ કરમુર





જૂનાગઢ તા. ૩૦

જૂનાગઢ જીલ્લા પંચાયત સ્પોર્ટસ કલબ ગાંધી ચોક ખાતે જીલ્લા પંચાયત સ્પોર્ટસ કલબના ચીફ ક્રિકેટ કોચ હનીફભાઈ કુરેશી પાસે દ્વારકાનો વિનોદ કરમુર ક્રિકેટ કોચીંગ લેવા આવેલ અને સાથો સાથ હાઈ જંમ્પ અને લોંગ જંમ્પનું કોચિંગ આપેલ વિનોદનું ટેલેન્ટ જોતા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (સા.ઈ.) ગાંધીનગર ખાતે વિનોદ કરમુરને એડમીશન મળેલ છે. એસબીકેએફ દ્વારા ૧૦મી ઈન્ટરનેશનલ ગેમ ૨૦૨૪ માં જમ્મુ-કાશ્મીર ખાતે યોજાયેલ હતી જેમાં વિનોદ કરમુરે ઈન્ડિયા લેવલે હાઈ જંમ્પ અને લોંગ જંમ્પ બંનેમાં ગોલ્ડ મેડલ મેળવી રેકર્ડ કરેલ છે અને તેના કોચ હનીફભાઈ કુરેશીનું સ્વપ્ન સાકાર કરેલ છે.

ગુજરાતના એક માત્ર કોચ હનીફભાઈ કુરેશીના બે ખેલાડી ભાઈ-બહેનએ ક્રિકેટ અને એથ્લેટીકસમાં ઈન્ડિયા ટીમમાં કોચ અને ખેલાડી તરીકે પસંદગી પામી ઈન્ટરનેશનલ કક્ષાએ ભાગ લેવા જશે. આમ ઈન્ટરનેશનલ કક્ષાએ જૂનાગઢનું નામ રોશન કરવામાં મહત્વનું યોગદાન આપનાર હનીફભાઈ કુરેશીને ધન્યવાદ છે. વિનોદ કરમુર એથ્લેટીકસમાં ટીમ ઈન્ડિયા તરફથી ૨૨ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી સીંગાપોર-મલેશિયા રમવા જશે. વિનોદ ઈન્ટરનેશનલ લેવલે પ્રથમ નંબર મેળવી ભારતનું નામ રોશન કરે તેવું જીલ્લા પંચાયત સ્પોર્ટસ કલબના પ્રમુખ અતુલભાઈ વ્યાસ, મંત્રી નાથુભાઈ ઠાકર અને ખજાનચી અલ્તાફભાઈ સીડાએ શુભેચ્છા પાઠવેલ છે.

# સરદાર પટેલ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની સંસ્કૃત સ્પર્ધામાં પ્રથમ



જૂનાગઢ તા. ૩૦

સંસ્કૃત સ્પર્ધા ૨૦૨૪ તા.૨૭-૭-૨૪ ના રોજ યોજાયેલ હતી. જેમાં સરદાર પટેલ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીએ સંસ્કૃત ભાષામાં પાંચ શ્લોકનું ક્ષતિ રહીત ગાન કર્યુ હતું તેમાં જુનિયર વિભાગમાં વાઢેર હેત્વી રમેશભાઈ ધો.૭ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. આ સફળતા હાંસલ કરવા બદલ શાળાના ચેરમેન જે.કે. ઠેસીયા, કેમ્પસ ડાયરેકટર સી.પી. રાણપરીયા, શિક્ષણ નિયામક ડી.એમ. ડોબરીયા, વહીવટી અધિકારી કે.પી. ગજેરા, આચાર્યા પારૂલબેન હપાણી, રૂપાબેન રામાણી અને સમગ્ર શાળા પરિવાર વતી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

### માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરા, જૂનાગઢ ખાતે

# અખિલ ભારતીય શિક્ષા સપ્તાહ ઉજવણી અંતર્ગત સામુદાયિક સહભાગિતા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું



જૂનાગઢ, તા.૩૦

મૂલ્યનિષ્ઠ કેળવણીના માધ્યમથી બાળકોનું જીવન અને ચારિત્ર્ય ઘડતર થાય એ સર્વાંગીણ શિક્ષણનો મૂળભૂત ઉદ્દેશ છે. આવા સંજોગોમાં શિક્ષણની સાથે સાથે બાળકોને સમાજસેવા અને રાષ્ટ્રસેવાથી અભિમુખ રાખીએ તો નૈસર્ગિક પ્રતિભા અને તેજસ્વિતા શતદલ કમળની જેમ ખીલી ઊઠે. સમાજના જરૂરિયાતમંદ લોકો પ્રત્યે બાળકોમાં પ્રેમ, સંવેદના, લાગણી અને સમૂહભાવના જાગૃત થાય તેવા શુભાશયથી સામુદાયિક ચેતનાને વ્યાપક જનસમાજ સુધી પ્રવાહિત કરવાનો આ વિનમ્ર પ્રયાસ છે. યુવાઓની પ્રતિભા, ક્ષમતા, અભિગમ અને માનવીય મૂલ્યોના વિકાસ માટે ભારતની નવી શિક્ષણ નીતિમાં PEER GROUP ની વિશેષ કાળજી લેવામાં આવી છે.

નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ (NEP-૨૦૨૦)ના ચાર વર્ષ પૂર્ણ થવાના અવસરે તા.૨૨-૦૭-૨૦૨૪ થી તા.૨૮-૦૭-૨૦૨૪ સુધી શિક્ષા સપ્તાહ ઉજવણી અંતર્ગત માતૃશ્રી એમ. જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે તા.૨૮-૦૭-૨૦૨૪ ને રવિવારના રોજ "PEER GROUP LEARING : સામુદાયિક સહભાગિતા'' ના માધ્યમથી એક ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના શિક્ષિકા સુશ્રી હેતલબેન ડી. પડશાળાના માર્ગદર્શન હેઠળ બટેટાની ચિપ્સ અને પૌવા-બટેટાની આરોગ્યપ્રદ વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. જેમાં રસોઈકલામાં નિપૂણ વિદ્યાર્થિનીઓ શ્રેયા જે.સાવલિયા, વિશ્વા કે.દેવગાણીયા, આરોહી એચ. ફુલતરિયા, મહેક વી. સમા, આસ્થા એમ.જોશી અને જેનિશા એ. ભેસાણિયાને પુરસ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ તકે શાળાના પ્રિન્સિપાલ સુશ્રી જયશ્રીબેન રંગોલિયા, સુપરવાઈઝરો સુશ્રી પ્રભાબેન બુટાણી અને સુશ્રી અલ્પાબેન ડાંગરે ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને બિરદાવી હતી. શિક્ષણમાં સામુદાયિક ચેતનાને પ્રોત્સાહિત કરતી પ્રવૃતિઓનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા સહિત ટ્રસ્ટીશ્રીઓ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

# અકુમ્સ એડ ફામાયુટકસ લિમીટેડનો આઈપીઓ ૩૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ ખૂલશે

અમદાવાદ, ૩૦

અકુમ્સ ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ લિમિટેડ ("AKUMS'' અથવા "The Company'') મંગળવાર, ૩૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ તેના ઈવિટી શેર્સના આઈપીઓ માટે ("ઓફર'') બિડ/ઓફર કરવા માટેના સમયગાળાના પ્રારંભ કરશે. આ ઓફરમાં કંપની દ્વારા ૬,૮૦૦ મિલયન સુધીના મૂલ્યના ઈવિટી શેર્સની (પ્રત્યેક રૂા. ૨ની ફેસ વેલ્યુના) એટલાની જ સંખ્યાનો ફ્રેશ ઈશ્યુ તથા કંપની દ્વારા કેટલાક હાલના શેરધારકો ("સેલીંગ શેરધારકો'') દ્વારા ૧૭,૩૩૦,૪૩૫ ઈવિટી શેર્સ સુધીના વેચાણ માટેની ઓફર ("ઓફર કરેલા શેર્સ'')નો સમાવેશ થાય છે. ઓફર કરેલા શેર્સમાં સંજીવ જૈન દ્વારા ૧૫,૧૨,૦૦૦ ઈકિવટી શેર્સ, સંદીપ જૈન દ્વારા ૧,૫૧૨,૦૦૦ ઈકિવટી શેર્સ, (સામૂહિક રીતે, "મોટર સેલીંગ શેરહોલ્ડર્સ'') અને રૂબી કયુસી ઈન્વેસ્ટમેન્ટ હોર્ડિંગ્સ પીટીઈ લિમીટેડ ("રૂબી કયુસી'' અથવા "ઈન્વેસ્ટર સેલીંગ શેરહોલ્ડર્સ'') દ્વારા ૧,૪૩,૦૬,૪૩૫ ઈકિવટી શેર્સ સુધીનો સમાવેશ થાય છે. (વેચાણકતા શેરધારકો દ્વારા ઈકિવટી શેરના વેચાણ માટેની આવી ઓફર, "વેચાણ માટેની ઓફર''). રૂબી કયુસીને એશિયામાં એક અગ્રણી હેલ્થકેર કેન્દ્રિત ખાનગી ઈકિવટી ફંડ વાયા કેપિટલનું સમર્થન છે. આ ઓફરમાં લાયક કર્મચારીઓ દ્વારા સબસ્ક્રીપ્શન માટે રૂા.૧૫૦.૦૦ મિલિયન (રૂા. ૧૫.૦૦ કરોડ) સુધીના ઈકિવટી શેર્સની સંયા સુધીના રિઝર્વેશનનો સમાવેશ થાય છે. ("એલોઈ રઝવશન પોશન'').

એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર સોમવાર, ૨૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ ખૂલી ગયેલ છે અને તે દવસે બંધ થયેલ છે. બિડ/ઓફર સબસ્ક્રીપ્શન માટેના સમયગાળા હેઠળ આજે મંગળવાર, ૩૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ ખૂલશે અને ગુરૂવાર, ૧ ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ બંધ થશે. ("બિડ વિગતો'').

ઓફરનો પ્રાઈસ બેડ રૂા. ૬૪૬થી રૂા. ૬૭૯ પ્રતિ ઈકિવટી શેર ("પ્રાઈસ બેન્ડ'') નકકી કરવામાં આયો છે. બિડ ઓછામાં ઓછા ૨૨ ઈકિવટી શેર માટે અને ત્યારબાદ ૨૨ ઈકિવટી શેરના ગુણાંકમાં કરી શકાય છે. ("લઘુત્તમ બિડ લોટ'').

કંપની (૧) કંપનીના દેવાની ચૂકવણી/પૂર્વ ચૂકવણી માટે (૨) તેની પેટાકંપનીઓ એટલે કે મેકસકયુર ન્યુટ્રાવેદિકસ લિમીટેડ અને પ્યોર એન્ડ કયોર હેલ્થકેર પ્રાઈવેટ લિમીટેડના દેવાની ચૂકવણી/પૂર્વ ચૂકવણી (૩)કંપનીની કાર્યકારી મૂડીની વધારાની જરૂરીયાતોને ભંડોળ પૂરૂં પાડવા (૪) એકિવઝીશન દ્વારા ઈનઓર્ગેનિક ગ્રોથ પહેલ આદરવા અને (૪) સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કંપની દ્વારા ઈકિવટી શેર્સના ફ્રેશ ઈશ્યુમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ કરવાની દરખાસ્ત કરે છે ("ઓફરનો હેતુ''). આ ઉપરાંત નેટ ઓફરના લઘુમ ૧૫ ટકા નોન-ઈન્સ્ટીટયૂશનલ બિડર્સને ફાળવણી માટે ઉપલધ રહેશે, જે




પૈકી (એ) આવા પોર્શનનો એક તૃયાંશ ભાગ રૂા.૨,૦૦,૦૦૦થી વધુ અને રૂા.૧૦,૦૦,૦૦૦ સુધીની એપ્લિકેશન સાઈઝ ધરાવતા અરજીકર્તાને ફાળવણી માટે અનામત રહેશે. (બી) આવા પોર્શનનો બે-તૃયાંશ ભાગ રૂા.૧૦,૦૦,૦૦૦ કરતાં વધુની એપ્લિકેશન સાઈઝ ધરાવતા બિડર્સને ફાળવણી માટે ઉપલધ રહેશે જે આ બે સબ-કેટેગરીઓમાંથી ગમે તેમાં સબસ્ક્રાઈબ ન થયેલા પોર્શનના કિસ્સામાં નોન-ઈન્સ્ટીટયૂશનલ બિડર્સની અન્ય સબ કેટેગરીમાં અરજીકર્તાને ફાળવી શકાશે અને નેટ ઓફરનો મહત્તમ ૧૦ ટકા હિસ્સો સેબી આઈસીડીઆર નિયમ મુજબ રીટેલ ઈન્ડિવિડયુઅલ બિડર્સને ફાળવણી માટે ઉપલધ રહેશે જે ઓફરની કિંમતે કે તેનાથી વધુની કિંમતે મળેલી માન્ય બિડસને આધીન રહેશે. આ ઉપરાંત, એલોઈ રિઝર્વેશન પોર્શન હેઠળ અરજી કરતા લાયક કર્મચારીઓને ઈકિવટી શેર્સ પ્રમાણસર ધોરણે ફાળવવામાં આવશે જે તેમના તરફથી ઓફર કિંમત કે તેનાથી વધુની કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે. તમામ બિડર્સ (એન્કર ઈન્વેસ્ટર્સ સિવાય) બ્લોકડ અમાઉન્ટ ("ASBA") પ્રોસેસ દ્વારા સમર્થિત એપ્લિકેશન દ્વારા જ આ ઓફરમાં ફરિજયાતપણે ભાગ લેવાનો રહેશે અને તેમના સંબંધિત બેંક ખાતાની વિગતો યુપીઆઈ બિડર્સના કિસ્સામાં (યુપીઆઈ આઈડી સહિત) આપવાની રહેશે. જેમાં સંબંધિત બિડની રકમ ઓફરમાં ભાગ લેવા માટે પાત્રતા તરીકે યુપીઆઈ મિકેનિઝમ હેઠળ સેલ્ફ સર્ટીફાઈડ સિન્ડિકેટ બેંકો દ્વારા બ્લોક કરવામાં આવશે. એન્કર ઈન્વેસ્ટર્સને ASBA પ્રોસેસ દ્વારા ઈશ્યૂના એન્કર ઈન્વેસ્ટર પોર્શનમાં ભાગ લેવાની પરવાનગી નથી. વધુ વિગતો માટે આરએચપીના પેજ નંબર ૪૭૨ પર ઓફર પ્રોસીજર્સનો અભ્યાસ કરો. આઈસીઆઈસીઆઈ સિકયોરટીઝ લિમટેડ, એકિસસ કેપિટલ લિમટેડ, સિટીગ્રુપ ગ્લોબલ માર્કેટ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ અને એમ્બિટ પ્રાઈવેટ લિમીટેડ આ ઓફર માટે બુક રનિગ લીડ મેનેજર ("બીઆરએલએમ'') છે. અહીં વપરાતા પરંતુ વ્યાખ્યાયિત ન કરાયેલા તમામ કેપિટલાઈઝડ્ શબ્દોનો અર્થ આરએચપીમાં દશાવવામાં આવ્યા મુજબનો અર્થ થશે.

# રાજકોટ એડવર્ટાઈઝીંગ સર્કલ દ્વારા ડિજિટલ માર્કેટીંગ પર સેમિનાર યોજાયો



રાજકોટ તા. રાજકોટ એડવર્ટાઈઝીંગ સર્કલ દ્વારા તા.૨૮ જૂલાઈ રવિવારનાં રોજ તમામ સભ્યો તેમજ એજન્સી પરિવારનાં સભ્યો માટે ડિજિટલ માર્કેટીંગ પર એક સુંદર સેમિનારનું આયોજન કરાયેલું હતું. આ સેમિનારનાં વકતા ટ્રીનીટી યુનિસેપ્ટસનાં શ્રી અનિશભાઈ પરીખ હતા. તેમણે ડિજિટલ માર્કેટીંગની આખી ઈકો સિસ્ટમ તેના અલગ અલગ પાસાઓ અને ટુલ્સ અંગે બહોળી માહિતી અનેક દાખલાઓ સાથે સરળ ભાષામાં આપી હતી. આ સેમિનારમાં એજન્સી માલિકો તેમજ તેમના કર્મચારીગણે ઉત્સાહપૂર્વક ભાગ લઈ સેમિનારને માણ્યો હતો. ત્રણ કલાકનો આ સેમિનાર લોકોએ એક ચિત્ થઈ સાંભળ્યો હતો અને પોતાના પ્રશ્નોના ઉત્તર પણ મેળવ્યા હતા.

રાજકોટ એડવર્ટાઈઝીંગ સર્કલ એવા ઉદેશ્ય સાથે આગળ વધી રહ્યું છે કે રાજકોટની તમામ એજન્સી તેમજ તેમના કર્મચારીઓને વિવિધ વિષયો ઉપર લેકચર સેમિનાર કે કોન્ફરન્સીસ દ્વારા નોલેજ બિલ્ડીંગ થાય અને રાજકોટનું એડવર્ટાઈઝીંગ સ્તર એક કદમ આગળ વધશે. ડિજિટલ માર્કેટીંગ આજના યુગમાં માર્કેટીંગનો અભિન્ન અંગ બની રહ્યો છે ત્યારે તે વિષય પર ટ્રેડીશનલ એડવર્ટાઈઝીંગ વ્યવસાય સાથે જોડાયેલા એજન્સી મિત્રો પોતાના કલાયન્ટને આ સેવા પણ આપી શકે તેવા હેતુથી આ પરિસંવાદ યોજાયો હતો. ડિજિટલ માર્કેટીંગનાં નામે ફ્રોડ કે સ્કેમ વિશે પણ માહિતી પીરસવામાં આવી હતી. કોઈપણ કલાયન્ટ કે એજન્સી ખોટી રીતે છેતરાઈ ન જાય અને યોગ્ય રીતે જ માર્કેટીંગથાય તે અતિ આવશ્યક છે. રાજકોટ એડવર્ટાઈઝીંગ સર્કલ પોતાના સભ્યો થકી માર્કેટીંગ અને એડવર્ટાઈઝીંગમાં વેલ્યુ બિલ્ડીંગ કરવા માટે ભરપૂર પ્રયત્નો હાથ ધરવાના છે.

# મુખ્યમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં જૂનાગઢ શહેરના રૂા. ૩૯૭ કરોડના ૯૧ વિકાસ કાર્યોનું લોકાર્પણ

## હેરિટેજ બિલ્ડીંગ નરસિંહ વિદ્યા મંદિરનું રૂા. ૧૪.૯૧ કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવશે: મહાનગરપાલિકાના હદમાં આવેલ તમામ મિલકતોનું રૂા.૯.૭૮ કરોડના ખર્ચે G.I.S. બેઝ મેપિંગ સહિતના કામોનું ખાતમુહૂર્ત

જૂનાગઢ તા. ૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા જૂનાગઢ શહેરના રૂા. ૩૯૭ કરોડના ૯૧ વિકાસ કાર્યોનું લોકાર્પણર-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રાજયના કૃષિ અને જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ જૂનાગઢના વિકાસ કાર્યોના આ લોકાર્પણ - ખાતુ મુહૂર્ત સમારોહમાં મુખ્યમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ રહી હતી.

આજે સવારે ૧૦ કલાકે જૂનાગઢ સ્થિત શામળદાસ ટાઉન હોલ ખાતે આ લોકાર્પણ સમારોહ યોજાયો હતો. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવનાર વિકાસ કાર્યોમાં વોર્ડ નંબર ૮, ૯, અને ૧૦ માં વોટર સપ્લાય માટે ડિસ્ટ્રીબ્યુટ અને નેટવર્કની કામગીરી, જોઈન પાઈપલાઈન, સ્વિમિંગ પૂલ ફેજ -૨, શહેરના વિવિધ વિસ્તારમાં સી.સી. રોડ અને પેવિંગ બ્લોક, અમૃત ૨.૦ અંતર્ગત પાઈપલાઈનની કામગીરી ઉપરાંત હેરિટેજ બિલ્ડીંગ એવા નરસિંહ વિદ્યા મંદિરનું રૂા. ૧૪.૯૧ કરોડના ખર્ચે નવીનીકરણ, મહાનગરપાલિકાના હદમાં આવેલ તમામ મિલકતોનું રૂા.૯.૭૮ કરોડના ખર્ચે G.I.S. બેઝ મેપિંગ સહિતના ૮૧ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આમ, મુખ્યમંત્રી રૂા. ૩૮૪.૯૨ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત ઉપરાંત ઈન્દ્રેશ્વર મંદિર ખાતેના વિકાસ કાર્યો, સોલિડ વેસ્ટ સેગ્રિગેશન પ્લાન્ટ સહિતના રૂા. ૧૨.૮૬ ખર્ચે નિર્મિત ૧૦ વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મેયર ગીતાબેન મોહનભાઈ પરમાર, સ્થાયી સમિતિના ચેરમેન હરેશભાઈ પરસાણા, શાસક પક્ષના નેતા કિરીટભાઈ ભીંભા, દંડક અરવિંદભાઈ ભલાણી, શહેર ભાજપ પ્રમુખ અને કોર્પોરેટર પુનિતભાઈ શર્મા સહિત વોર્ડના કોર્પોરેટરો સહિતના મહાનુભાવો, પદાધિકારીઓ, અધિકારીઓ, અગ્રણીઓ સહિતના ઉપસ્થિત રહયા હતાં.

## નશો કરેલી હાલતમાં કાર ચલાવી રહેલા એ ડીવીઝન પો.સ્ટે.નાં જમાદારે બાઈકને ટકકર મારી : યુવક ઈજાગ્રસ્ત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩૦

હજુ પાંચ દિવસ પહેલાં જ બનેલી ઘટનામાં અમરેલીની પોલીસ જાપ્તાની પાર્ટીનાં કોન્સ્ટેબલ રણજીત વાઘેલા અને નિતીન બામણીયા દ્વારા નશો કરેલી હાલતમાં જૂનાગઢ શહેરમાં હોટલમાં જઈ બખેડો કર્યો હોવાનાં બનાવની શાહી હજુ સુકાઈ નથી ત્યાં રવિવારે રાત્રે બનેલી ઘટનામાં જૂનાગઢ શહેરનાં પોલીસ જમાદારે નશો કરેલી હાલતમાં કાર ચલાવી બાઈકને ટકકર મારતા યુવકને ઈજા પહોંચાડતા તે અંગેની ફરીયાદ થતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે જૂનાગઢ શહેરમાં ઉપરકોટ નજીક કાજીવાડા ખાતે રહેતા અને સોની કામ કરતા ફરીયાદી યુવાન ઋષી જેન્તીભાઈ જોગીયાએ એ ડીવીઝન પોસ્ટનાં કર્મચારી કે.કે. રાઠોડ સામે નશાની હાલતમાં કાર ચલાવી ફરીયાદી યુવાનની બાઈક સાથે અથડાવી યુવાનને ઈજા પહોંચાડી બાઈકને નુકશાન પહોંચાડવા અંગેની ફરીયાદ નોંધાવતાં પીએસઆઈ કે.બી. લાલકાએ તપાસ હાથ ધરી છે.

યુવકે ફરીયાદમાં જણાવ્યું હતું કે રવીવારની રાત્રે ૧૦.૩૦ કલાકે હું તથા મારો મિત્ર કદમ ઉત્કલભાઈ પુરોહીત જીજે-૧૧ સીએમ ૨૪૨૪ નંબરની બાઈક લઈને ભવનાથથી આઝાદ ચોકમાં મનપાનાં ગેઈટ સામે ઉભા હતાં અને હું બાઈક પર બેઠો હતો. જયારે મારો મિત્ર કદમ પાણીપુરી ખાતો હતો. તેવામાં રાત્રે ૧૧ કલાકે આઝાદ ચોક બાજુથી આવેલ સફેદ કલરની જીજે-૧૧- બીઆર ૬૦૦૭ નંબરની આઈ-૨૦ ફોર વ્હીલના ચાલકે સીધે સીધી કાર હું જે બાઈક પર બેઠો હતો તેની પાછળ અચાનક અથડાવતા પડી ગયો હતો. અને જમણા પગમાં ઈજા થયેલ હતી. સાથે બાઈકમાં પણ નુકશાની થતાં બંને મિત્રો કાર પાસે જતાં તેવામાં કારનાં ડ્રાઈવરે નીચે ઉતરતા તેના મોઢામાંથી દારૂ પીધેલાની વાસ આવતી હતી અને તેણે ગાળો બોલવાનું શરૂ કરતાં તેને ગાળો આપવાની ના પાડતા આ શખ્સે ગાડી ભટકાડી તો શું થયું ? અત્યારે અહીંથી જતો રહે. તું મને ઓળખતો નથી હું કોણ છું ? હું એ ડીવીઝન પોલીસ સ્ટેશનનો કે.કે. રાઠોડ છું તું મને હજુ ઓળખતો નથી. આ બાબતે કાંઈ કરીશ તો સવારે તને જોઈ લઈશે તેમ ધમકી આપી હતી. આ દરમ્યાન આજુબાજુમાંથી માણસો ભેગા જઈ તાં આ પોલીસમેન કાર લઈને જતો રહયો હતો.

## માણેકવાડા ગામે મૈત્રી કરાર અંગે ધમકી આપ્યાની ફરીયાદ

કેશોદ તા.૩૦

કેશોદ તાલુકાના માણેકવાડા ગામે રહેતા યુવાનને મૈત્રી કરાર મુદ્દે ફોન પર ગાળાગાળી કરી ધમકી આપ્યાની ફરીયાદ કેશોદ પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે કુલદીપ પ્રવીણભાઈ રાઠોડે ફરીયાદમાં આરોપી તરીકે મો.નં.૭૪૯૦૦ ૭૪૭૪૨ ધારક સંજય નામના વ્યકિત વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ આરોપીની પ્રેમીકા સાથે મૈત્રી કરાર કરેલ હોય જેના મનદુઃખે આરોપીએ ફોન કરી મૈત્રી કરાર કેમ કર્યા છે ? તેમ કહી ગાળાગાળી કરી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## માણાવદરના શેરડી ગામે ઈલેકટ્રીક શોક લાગતા યુવાનનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

માણાવદર તા.૩૦

માણાવદરના શેરડી ગામે મીટર બદલતી વખતે ઈલેકટ્રીક શોક લાગતા યુવકનું મોત થયાનું માણાવદર પોલીસમાં નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે વિનોદભાઈ મુળુભાઈ પઢારીયાએ જાહેર કે પોતાના મૃતક પુત્ર અનીકેતભાઈ (ઉ.વ.૨૨)વાળાઓ કોન્ટ્રાકટ ઉપર નોકરી કરતા હોય અને તેઓ નોકરી દરમ્યાન મીટર બદલવાનું કામ કરતા હોય દરમ્યાન મીટર બદલતી વખતે ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી હતી.

## વીજાપુર ગામમાંથી જાહેરમાં જુગાર રમતા ૭ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૦

જૂનાગઢ તાલુકાના વીજાપુર ગામેથી જાહેરમાં જુગાર રમતા ૭ શખ્સોને જૂનાગઢ તાલુકા પોલીસને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસે વીજાપુર ગામે પ્લાસવા રોડ પર આવેલ ભરવાડ શેરીમાંથી રમેશભાઈ માવજીભાઈ ટાંક, મનુભાઈ જીણાભાઈ ગુજરાતી, ભનુભાઈ કડવાભાઈ ગુજરાતી, વિપુલભાઈ વસરામભાઈ સરવૈયા, કૌશીકભાઈ અતુલભાઈ ચૌહાણ, પરેશગીરી મોહનગીરી અપારનાથી અને યોગેશભાઈ દામજીભાઈ સરવૈયાને જાહેરમાં રોન પોલીસ નામનો જુગાર રમતા રૂા.૧૧૨૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

## મુંદ્રા પોર્ટ ખાતેથી રૂા. ૧૧૦ કરોડનું પ્રતિબંધીત ફાઈટર ડ્રગ્સ ઝડપાયું

ભુજ તા. ૩૧ : કચ્છના મુન્દ્રા પોર્ટ પરથી ૧૧૦ કરોડની પ્રતિબંધિત ટ્રેમાડોલ ટેબલેટ ઝડપાઈ છે. મળતી માહિતી પ્રમાણે રાજકોટના વેપારી દ્વારા ડ્રગ્સના આ બે કન્સાઈન્મેન્ટ મોકલાયા હતા. આફ્રિકાના દેશ સિએરા લિઓન અને નાઈજરમાં આ કન્સાઈન્મેન્ટ મોકલાતા હતા. કૃત્રિમ ઓપીયોઈડની આફ્રિકાના દેશોમાં ઊંચી માગ હોવાનું સામે આવ્યુ છે. આતંકવાદીઓ લાંબો સમય સુધી જાગતા રહેવા માટે ટ્રેમડોલનો ઉપયોગ કરતા હોવાની માહિતી છે. આ ડ્રગ્સને ડિક્લોફેનાક ટેબ અને ગેબેડોલ ટેબ તરીકે જાહેર કરીને મોકલાતો હતો. દવાની સ્ટ્રીપ્સ કે બોક્સ પર ઉત્પાકદની વિગતો દર્શાવવામાં આવી ન હતી. જો કે કસ્ટમ વિભાગે કન્ટેનરને અટકાવીને તેમાંની દવાઓની તપાસ માટે મોકલતા આ ખુલાસો થયો છે. આ મામલે રાજકોટ, ગાંધીનગર અને ગાંધીધામમાં પણ તપાસ થઈ રહી છે.

## માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરા, જૂનાગઢ ખાતે જ્ઞાનકુંજ પ્રોજેકટ અંતર્ગત અદ્યતન કોમ્પ્યુટર લેબનું લોકાર્પણ કરવામાં આવ્યું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૩૦

જ્ઞાનકુંજ પ્રોજેકટ એ ગુજરાત સરકાર દ્વારા શિક્ષણક્ષેત્રે ડિજિટલાઈઝેશનને પ્રોત્સાહિત કરવા માટે અમલમાં મુકાયેલ મહત્વાકાંક્ષી પ્રોજેકટ છે. ડિજિટલ ઈન્ડિયાના વિઝનથી પ્રેરિત આ પ્રોજેકટ અંતર્ગત ઈન્ટરએક્ટિવ પેનલ, સ્માર્ટબોર્ડ, લેપટોપ, અત્યાધુનિક કમ્પ્યુટર સિસ્ટમ, વેબકેમ અને હેડફોન જેવી વિશ્વસ્તરીય ટેક્નોલૉજીની મદદથી ડિજિટલ લર્નિંગની કલ્પનાને વેગ આપવાનો આ એક ઉમદા પ્રયાસ છે. ભારત સરકારશ્રીની નવી શિક્ષણ નીતિ (NEP-૨૦૨૦)માં પણ અત્યાધુનિક ટેક્નોલોજીના માધ્યમથી ટીચિંગ-લર્નિંગ મેથડ અને મૂલ્યાંકન પ્રક્રિયાને વધુ સક્ષમ, સરળ અને સુલભ બનાવવા માટે ઈન્ટર કલાસ કનેક્ટિવિટીનો નુતન વિચાર રજૂ કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના જ્ઞાનકુંજ પ્રોજેકટ અંતર્ગત માતૃ એમ. જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢને ઈન્ટરએક્ટિવ પેનલ, સ્માર્ટબોર્ડ, લેપટોપ, અત્યાધુનિક કમ્પ્યુટર સિસ્ટમ, વેબકેમ અને હેડફોન ઉપરાંત ફર્નિચર અને ઈલેક્ટ્રીક ફીટીંગ જેવી ભૌતિક સગવડો વસાવવા માટે વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. વિશ્વસ્તરીય ટેકનોલોજીથી સજ્જ એવી "અદ્યતન કોમ્પ્યુટર (ICT) લેબનું લોકાર્પણ" તા.૨૯-૭-૨૦૨૪ને સોમવારના રોજ સંસ્થાના વહીવટી અધિકારીશ્રી કે.પી. ગજેરા સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ તકે સંસ્થાના શિક્ષણ નિયામક બી.એમ. ડોબરિયા સાહેબ, બી.એડ.કોલેજના પ્રિન્સિપાલ એમ.કે. જોધાણી સાહેબ, શાળાના આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયા સહિત કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. શાળામાં અદ્યતન કમ્પ્યુટર લેબના લોકાર્પણ પ્રસંગે સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા સહિત ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે શુભકામનાઓ પાઠવી હતી.

## ગુજરાતમાં આડેધડ કરાયેલા બાંધકામોથી પાણીનો નિકાલ નહીં થતાં સર્જાયેલી તારાજીનો મુદો સંસદમાં ગુંજયો

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહે ગુજરાતનાં પુરનો મુદો ઉઠાવ્યો

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં સર્જાયેલી વરસાદી તારાજીનો મુદ્દો રાજ્યસભામાં ગૂંજ્યો. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ઝીરો અવર્સમાં ગુજરાતના પૂરનો મુદ્દો ઉઠાવ્યો. શક્તિસિંહે જણાવ્યુ કે ભારે વરસાદને કારણે આવેલા પૂરમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. દર વર્ષે વરસાદી પૂરને કારણે જનજીવનને માઠી અસર પહોચે છે, ગુજરાતનો ઘેડ પંથક દર ચોમાસે જળબંબાકાર થઈ જાય છે અને દર વર્ષે ખેડૂતોનો પાક બર્બાદ થઈ જાય છે. પાક તો છોડો અહીંના સ્થાનિકોને દર વર્ષે આવતા પૂરને કારણે પારાવાર નુકસાની વેઠવી પડે છે. વર્ષોથી ઘેડમાં પૂરની સમસ્યા છે પરંતુ તેનો કોઈ ઉકેલ લાવવામાં સરકારને જાણે રસ નથી.

વધુમાં શક્તિસિંહે જણાવ્યુ કે ભારે વરસાદને કારણે ખેડૂતોનો પાક બરબાદ થાય છે. ભ્રષ્ટાચારને કારણે ચોમાસા પહેલા ડ્રેનેજનું કામ યોગ્ય રીતે ન થયુ. સ્ટ્રોન ડ્રેનેજ વોટરનું ચોમાસા પહેલા જે કામગીરી થવી જોઈએ તેમાં નર્યો ભ્રષ્ટાચાર થાય છે અને કામગીરી યોગ્ય રીતે થતી નથી. આથી વરસાદી પાણીના નિકાલનુ કામ થતુ જ નથી. કુદરતી રીતે જે પાણીનો નિકાલ થવો જોઈએ તે સત્તાધિશોની રહેમનજર હેઠળ થયેલા ગેરકાયદે બાંધકામોને કારણે થઈ રહ્યો નથી. ડિઝાસ્ટર મેનેજમેન્ટની જોગવાઈમાં રેસક્યુ, રિલિફ અને રિહેબિલીટી, જેમા શોધખોળ અને બચાવ, રાહત કામગીરી અને પૂનર્વાસનો સમાવેશ છે. પરંતુ ગુજરાતના પૂર પીડિતો માટે આ ત્રણ પૈકી કંઈ જ થઈ રહ્યુ નથી. શક્તિસિંહે જણાવ્યુ કે જુની પરંપરા રહી છે કે જેને જે કંઈપણ નુકસાન થયુ હોય એ નુકસાનીનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત સંપૂર્ણ રીતે સહાય આપવામાં આવતી હતી. ખાસ કરીને જે રોજમદાર વર્ગ છે જે રોજેરોજનું કમાઈને ખાય છે. તેમને કેશડોલ્સ આપવાની જોગવાઈ છે. પરંતુ ગુજરાતમાં આ રોજમદાર શ્રમિકોને જે રીતે કેશડોલ્સ મળવી જોઈએ તે મળતી નથી.

શક્તિસિંહે સરકાર પર આરોપ લગાવ્યો કે આડેધડ બાંધકામો ખડકી દેવાથી પાણીના નિકાલ માટેની જગ્યા રહી નથી. ગુજરાતમાં પૂર પ્રભાવિત લોકો માટે ભાજપ સરકારે કંઈ કર્યુ નથી.








- 49.23 billion units cumulative formulations manufacturing capacity annually#
- Partnered with 1524 Indian & MNC pharma and wellness companies#
- 4,146 commercialised formulations across 60 dosage forms
- Operating 4 dedicated R&D units with a team of 406 R&D scientists
- Operate 12 manufacturing units along with our subsidiaries#
- Conscious community engagement by providing healthcare, cleanliness, blood donation and education initiatives

Source: Independent Market Research on the Overview of the Global and Indian Contract Development & Manufacturing Organization Industry" dated February 6, 2024 ("F&S Report") | *By value during FY 2024, as per F&S Report | #As of March 31, 2024

Risk Factors: Our manufacturing units and R&D centres are (i) concentrated in Haridwar, Uttarakhand and we are exposed to risks originating from economic, regulatory, political and other changes in this region, including natural disasters; (ii) subject to slowdown or shutdown; and (iii) subject to periodic inspections by regulatory authorities and clients making us subject to regulatory actions which may damage our reputation, and all of which could adversely affect our business, results of operations and financial condition. | Any manufacturing or quality control concerns or our inability to deliver products on a timely basis, or at all, could result in the cancellation of purchase orders, breaches of relevant agreements, and termination of agreements by our clients and distributors, which could adversely affect our business, results of operations, and financial condition. | Our business is dependent on the sale of products to a limited number of clients for a significant portion of our revenues. The loss of such clients or the deterioration of their financial condition could adversely affect our business, results of operations and financial condition. | We export our products to regulated and semi-regulated markets and a failure to comply with the regulatory and other requirements of such markets could adversely affect our business, results of operations, and financial condition. | The F&S Report and the data included therein is subject to various limitations as it is based on certain assumptions and conditions that are subjective in nature.

AKUMS DRUGS AND PHARMACEUTICALS LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its equity shares of face value of ₹ 2 each ("Equity Shares") and has filed the red herring prospectus dated July 24, 2024 ("RHP") with the Registar of Companies, Delhi and Haryana at New Delhi ("RoC"). The RHP shall be made available on the website of SEBI at www.sebi.gov.in, the websites of the Stock Exchanges i.e., BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and the websites of the BRLMs, i.e., ICICI Securities Limited, Axis Capital Limited, Citigroup Global Markets India Private Limited and Ambit Private Limited at www.icicisecurities.com, www.axiscapital.co.in, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm and www.ambit.co, respectively. Potential Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section titled "Risk Factors" on page 28 of the RHP. Potential Bidders may rely on the information disclosed in the RHP as being true and correct.

This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (i) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the Securities Act) pursuant to Section 4(a) of the Securities Act, or (ii) outside the United States in "offshore transactions" as defined in and in compliance with Regulation S under the Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors